Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

The Atmanand Prakash. REGISTERED No. B. 431

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

नैर्मल्यं मानसं च स्वपरहितकृते जायतेसत्प्रवृत्तिः
शुद्धं सम्यक्त्वरत्नं गुणगणकिरणैर्भासितं प्राप्यते यत् ।
शुद्ध ज्ञानानुरागो गुरुचरणरतिर्लभ्यते चापि पूर्णा
आत्मानंद प्रकाशे प्रसरति हृदये दुर्लभं किं जनानाम् ॥१॥

पु. १५. } वीर सं. २४४४–पोष आत्म सं. २२. } अंक ६ ठो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રભુ સ્તુતિ, ગુરૂ સ્તુતિ ... | ૧૨૭ | ૪ | વર્તમાન સમાચાર ... | ૧૪૮ |
| ૨ | વાંચનદ્વારા શિક્ષણ ... ... | ૧૨૮ | ૫ | ગ્રંથાવલોકન... ... | ૧૪૯ |
| ૩ | કલકત્તા શહેરમાં મળેલી અગીયારમી શ્રી જૈનશ્વેતાંબર કોનફરન્સ. | ૧૩૪ | | | |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભાનું જ્ઞાનોદ્ધારખાતું.

## છપાઇને બહાર પડેલ ગ્રંથો.

૧ કુમારપાળ પ્રબંધ પદ્ય. ૨ સામાચારી પ્રકરણ. ૩ મહાવીર ચરિત્ર પ્રાકૃત. ૪ કૌમુદી મિત્રાનંદ નાટક. ૫ પ્રબુદ્ધ રૌહિણેય નાટક. ૬ સુકૃત સંકીર્તન મહાકાવ્ય. ૭ પ્રાચીન જૈન લેખસંગ્રહ ભાગ ૧ લો.

## થોડી મુદતમાં છપાઇ બહાર પડશે.

૧ પંચનિર્ગ્રંથી તથા પ્રજ્ઞાપના તૃતીય પદ સંગ્રહણી. ૨ રત્નશેખરી કથા. ૩ દાનપ્રદીપ. ૪ ઉત્તરાધ્યયન. ભાવવિજયગણિ કૃત ટીકા યુક્ત.

## હાલમાં છપાતા ગ્રંથો.

૧ સુમુખાદિમિત્ર ચતુષ્ક કથા. — શા ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.
૨ ધર્મપરીક્ષા. — બાઇ મણી જામનગરવાળા તરફથી.
૩ સપ્તતિશતસ્થાનપ્રકરણ. — શાહ ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.
૪ પંચસંગ્રહ. — શેઠ રતનજી વીરજી તરફથી.
૫ ષડ્ દર્શનસમુચ્ચય. }
૬ શ્રાદ્ધવિધિ. } શેઠ જીવણભાઇ જેચંદ તરફથી.
૭ બૃહત્સંગ્રહણી.
૮ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ.
૯ જૈન ઐતિહાસિક રાસ સંગ્રહ.
૧૦ દ્રૌપદી સ્વયંવર નાટક.
૧૧ ધર્માભ્યુદય નાટક તથા સૂક્તિમુક્તાવલી
૧૨ જૈન મેઘદૂત સટીક.

## છપાવવાના ગ્રંથો.

૧ સિદ્ધપ્રાભૃત સટીક.
૨ ષટ્સ્થાનક સટીક.
૩ ચૈત્યવંદન મહાભાષ્ય.
૪ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૫ શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ સટીક.
૬ બંધહેતુદય ત્રિભંગી.
૭ બંધોદય સત્તા પ્રકરણ.
૮ શ્રી વિજયચંદ્ર કેવળી ચરિત્ર.
૯ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૧૦ વિજયદેવ માહાત્મ્ય.
૧૧ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.
૧૨ પ્રાચીન પાંચમો કર્મગ્રંથ.
૧૩ લિંગાનુશાસન સ્વોપજ્ઞ ટીકા સાથે.
૧૪ ધાતુપારાયણ.

## નવા ગ્રંથો તથા આગમો છપાવવાની થયેલી યોજના.

૧ શ્રી અંતગડ દશાંગ સૂત્ર સટીક.
૨ શ્રી અનુત્તરોવ્વાઈ સટીક.
૩ શ્રી ઉપાસક દશાંગ.
૪ શ્રી નંદીસૂત્ર સટીક. શ્રી હરિભદ્રસૂરિ કૃત.

---

છપાઈ બહાર પડયો છે.

## ભગવતી સૂત્ર પ્રથમ ગુચ્છક.

સરલ ગુજરાતી ભાષાંતર — કીંમત રૂપીયા અઢી ટપાલ ખર્ચ જુદું.

મળવાનું ઠેકાણું—પુરૂષોતમ ગીગાભાઈ શાહ–ભાવનગર.

For Private And Personal Use Only

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इहहि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञानेयत्नो विधेयः॥

404

पुस्तक १५ ] वीर संवत् २४४४, पोश, आत्म संवत् २२. [ अंक ६ ठो.

## प्रभुस्तुति.

### શાર્દૂલવિક્રીડિત.

સદ્બોધામૃત વારિધિ ભવિજન પ્રેમ પ્રભાવે ભર્યા,
જે નિત્યે ભવિમાનસે રસધરી હંસસ્વરૂપે ઠર્યા;
જે આનંદ મહોદધિ મુનિજને આનંદ માટે ધર્યા,
તે પામો જય વીતરાગ જગમાં મુક્તિ વધુને વર્યા. ૧

## ગુરુસ્તુતિ.

### માલિની.

વિજય કરી વિશેષે વીર ધર્મે પ્રકાશ્યા, તિમિર સકળ ટાળી વિશ્વમાં જે વિકાશ્યા;
પ્રગટ કરી પ્રભાવો ધર્મના જે વિરાજ્યા, વિજયસૂરિ અમારા ભારતે પૂર્ણ ગાજ્યા. ૨

### વસંતતિલકા.

જે વીરતા મન ધરી અતિ વીર ધર્મે, ચારિત્રથી ચળકતા નિજ શુદ્ધ કર્મે;
સંવેગની વિશદ કીર્ત્તિ કરી અપારા, તે પામજો વિજય [1] મુક્તિ ગણી અમારા. ૩

---

૧ શ્રીમાન્ મુળચંદજી મહારાજ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



2258

# વાંચનદ્વારા શિક્ષણ.

(લે.—વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ.–ભાવનગર.)

" Books are the windows through which the soul books out "

વિદ્યાર્થી અવસ્થામાં એક મહાન અગત્યનો લાભ મળે છે તે એ છે કે જ્ઞાનના ભિન્ન ભિન્ન પ્રદેશોના પુસ્તકોનો પરિચય થાય છે. જીવનમાં શું વધારે ઉપયોગી અને સહાયભૂત થઈ પડશે તે શોધી કાઢવું એ બહુજ કિંમતી છે; માનસિક વિકાસ અને સામાજીક સેવા માટેના જરૂરી સાધનો પસંદ કરવા સરખું છે. વ્યવહારિક જીવનના પ્રત્યેક વિભાગના માણસો એવો મત ધરાવે છે કે શાળાઓ અને વિદ્યાલયોમાંથી એવા વિદ્યાર્થીઓ નીકળવા જોઇએ કે જેઓ કુશળતાથી પુસ્તક પસંદ કરવાને શક્તિમાન હોય. જે ગૃહમાં ઉત્તમ પુસ્તકોવાળું પુસ્તકાલય હોય છે ત્યાંથી આ પ્રકારના જ્ઞાનની શરૂઆત શીખી શકાય છે.

પુસ્તકાલયો જરૂરની વસ્તુ છે. પુસ્તકો, સમાચારપત્રો અને માસિકો વગરનું ગૃહ બારીબારણા વગરના ઘર જેવું છે. પુસ્તકોના મધ્યમાં મુકવાથી જ બાળકો વાંચતા શીખે છે. પુસ્તકો હાથમાં લેવા માત્રથીજ તેઓ અજાણપણે જ્ઞાન ગ્રહણ કરે છે. આધુનિક સમયમાં કોઈ પણ કુટુંબ સારા પુસ્તકો વિનાનું ન હોવું જોઈએ. જે બાળકોને ઇતિહાસનાં પુસ્તકો, શબ્દકોષનાં પુસ્તકો અને એવાં અનેક ઉપયોગી પુસ્તકો પુરા પાડવામાં આવે છે તેઓ અજાણપણે અને વિના ખર્ચે કેળવણી–જ્ઞાન સંપાદન કરી શકે છે; તેમજ તદ્દન વ્યર્થ જાય એવા સમયમાં પોતાની ઇચ્છાથી ઘણી ઉપયોગી બાબતોનું જ્ઞાન પ્રાપ્ત કરે છે. આ સર્વ જો શાળાઓમાં શીખવવામાં ન આવે તો તે પુસ્તકોના ખર્ચ કરતાં દશગણું ખર્ચ થવા સંભવ છે. ઉપરાંત ઉત્તમ પુસ્તકોથી ગૃહોની સુંદરતામાં વધારો થાય છે અને વધારે આકર્ષક બને છે. આવા આનંદપ્રદ શાંત વાતાવરણમાં રહેવું બાલકોને વધારે ગમે છે. બાલકોને મળતી આ ગૃહ કેળવણી પરત્વે જો દુર્લક્ષ કરવામાં આવે છે તો તેઓ ઘરમાંથી નાશી જઇ અનેક જાળમાં ફસાઇ જાય છે અને ભયના ભોગ થઇ પડે છે.

ન્હાનાં બાળકોને પુસ્તકોના વાતાવરણમાંજ ઉછેરવા એ ઘણું શોભાસ્પદ છે. એક કુશાગ્રબુદ્ધિ બાલક સારાં પુસ્તકોમાંથી કેટલું બધું શીક્ષણ મેળવે છે એ જોઇ આશ્ચર્ય થશે.

ઘણા માણસો પોતે વાંચતા હોય તે પુસ્તકોમાં કંઈ નિશાની કરતા નથી, કોઇ સારા ફકરા નીચે લીંટી દોરતા નથી. ખરીદતી વેળાએ તેઓના પુસ્તકો જેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હશે તેવાજ ચોખ્ખા હોય છે; અને તેઓની મનસપાટી ઉપર કોઈ પણ પ્રકારના જ્ઞાનનો પટ લાગેલો જણાતો નથી. કેવળ જ્ઞાનશૂન્યજ હોય છે. તમારાં પુસ્તકોમાં નિશાની કરવાને લેશ પણ ભય ન રાખો. એમ ન ધારો કે તેમ કરવાથી તેની કિંમત ઘટી જશે પણ ઉલટું તેની કીંમતમાં વધારો થશે. જેઓ પોતાના પુસ્તકોનો ઉપયોગ કરવાનું જીંદગીના આરંભ કાળથી શીખે છે, તેઓ ભવિષ્યમાં વધારે અસરકારક અને ઉપયોગી બનવાને સમર્થ બને છે.

જો જરૂર પડે તો જીર્ણ કપડાં અને પગરખાં પહેરો, તેમાં કરકસર કરો પરંતુ પુસ્તકોની બાબતમાં લેશ પણ કરકસર કરવાની ટેવ ન રાખો. તમારાં બાળકોને શાળાની કેળવણી આપવા તમારી સ્થિતિ ન હોય તો પણ તેઓની આસપાસ થોડાં સારાં પુસ્તકો મુકો કે જે વડે તેઓ જે સંજોગોમાં મુકાયા છે તે કરતાં વધારે સારા સંજોગોમાં મુકાય. જીવનની મુખ્ય કેળવણી પ્રાપ્ત કરવાનું યોગ્યસ્થળ આપણું ગૃહ જ છે. અહિંઆજ આપણા આખા જીવનને ઘડનારી અને જીવન પર્યંત આપણને વળગી રહેનારી ટેવો ઘડાય છે. અહિંઆજ નિયમિત માનસિક કેળવણીથી પછીનું જીવન નિયત થાય છે.

આપણામાં એવા ઘણાં કુટુંબો હોય છે કે જ્યાં છોકરાઓ અને છોકરીઓ આત્મસુધારણા કરવા ઈચ્છતા હોય છે. પણ ઘરની અંદર પ્રવર્તમાન હાનિકારક ટેવોને લઈને તેઓ તેમ કરવા અશક્ત બને છે બીજી બાજુએ એવા ઘણાં કુટુંબો હોય છે કે જ્યાં પ્રત્યેક વ્યક્તિ પોતાનો નિવૃત્તિનો સમય નકામી વાતો કરવામાં, ઠઠ્ઠા મશ્કરી કરવામાં, આત્મસુધારણા માટે કોઈ પણ જાતના પ્રયત્ન વગર, હલકી સસ્તી ચોપડીઓ વાંચવામાં વ્યતીત કરે છે. આવા કુટુંબના માણસો આત્મસુધારણા માટે કોઇ પણ ઈચ્છા રાખનાર અને પ્રયત્ન કરનાર તરફ હસી કાઢે છે ને પરિણામે તેઓ નિરાશ થઇ યત્ન તજી દે છે. જો ઉછરતી વયમાં કંઇક વાંચવાને અથવા અભ્યાસ કરવાને બાલકો ઈચ્છતા નથી તો ભવિષ્યમાં તેમ કરવા ઇચ્છનાર સર્વને વિઘ્નરૂપ થઇ પડશે. વળી તેઓ કેવળ સ્વાર્થપરાયણ હોય છે, અને જ્યારે તેઓ બીજાને પોતાની સાથે રમતગમતમાં જોડવા ઈચ્છે છે ત્યારે શું કારણથી બીજા લોકો વાંચવામાં અથવા અભ્યાસ કરવામાં ગુંથાય છે તે તેઓની સમજશક્તિમાં આવી શકતું નથી. આત્મસુધારણાની ટેવનો જો ગૃહમાં પ્રચાર થઇ જાય છે તો પછી તે આહ્લાદક થઇ પડે છે. અને યુવક વર્ગ જેટલી આતુરતા રમતના વખતની રાહ જોવામાં બતાવે છે તેટલીજ આતુરતા અભ્યાસના વખતને માટે બતાવશે.

એક કુટુંબ એવું છે કે જેમાં કુટુંબના બધા માણસો આબાલ વૃદ્ધ પરસ્પર અનુમતિથી અભ્યાસ અને આત્મિક વિકાસને માટે સાયંકાળનો અમુક વખત મુક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રર કરી રાખે.છે. ભોજન પછી તરતજ તેઓ:એકાદ કલાક સુધી સંપૂર્ણ વિશ્રાંતિ લે છે. અને પછી જ્યારે અભ્યાસને માટે મુકરર:થયેલવખત આવે છે. ત્યારે આખા ગૃહમાં એટલી બધી શાંતિ પ્રસરી રહે છે કે એક ટાંકણીના પડવાનો અવાજ સંભળાય. પ્રત્યેક માણુસ પોતાને નિયત સ્થળે વાંચવામાં, લખવામાં, અભ્યાસ કરવામાં વા કોઇપણુ પ્રકારના.માનસિક કાર્યમાં પ્રવૃત્તિશીલ બનેલા હોય છે. કોઇ પણુ બોલી શકે નહીં અથવા અન્યને અંતરાયભૂત થઇ શકે નહિં. કદાચ કુટુંબનાં કોઇ માણુસની પ્રકૃતિ અસ્વસ્થ હોય અથવા કોઇપિણુ કારણુવશાત્ વાંચવું લખવું ન ગમે એવું હોય તો શાંતિ જાળવી રાખી બીજાના કાર્યમાં વિઘ્નરૂપ થવું જોઇએ નહીં. અભ્યાસને માટે આ અનુકરણીય પદ્ધતિ છે. વિચારોના ઐક્યનો અને માનસિક એકાગ્રતાનો ભંગ કરે એવી બધી બાબતોથી સંભાળ. રાખવી જોઇએ. ચિત્તની વિહ્‌વળતાથી અને અસ્થિરતાથી બે ત્રણુ કલાક શીખાય છે તેના.કરતાં પૂર્ણ એકાગ્રચિત્તથી એક કલાક માત્રના.વાંચનથી અતિશય લાભ થાય છે.

જે લોકો પોતાનો અમૂલ્ય સમય નકામો ગુમાવે છે. તેવા લોકોને આવા ગૃહ-સરસ્વતી મંદીરમાં જો એકાદ કલાક ગાળવાનું બની આવે તો ખરેખર તે એક પ્રોત્સાહન તરીકે કામ કરશે. આત્મસુધારણાની પ્રાપ્તિને માટે યત્નશીલ ગૃહનું એવું સરસ અને પ્રકાશમય વાતાવરણુ હોય છે કે જેઓ તેમાં પ્રવેશે છે તેઓ ઉત્સાહિત અને ઉત્તેજીત બની સદ્‌વસ્તુઓની પ્રાપ્તિને માટે પ્રેરાય છે.

કેટલીક વખત એક મજબૂત મનવાળા યુવકની સત્તાથી આખા ગૃહની ટેવોમાં રીવાજોમાં અને રીતભાતોમાં મહાન પરિવર્તન થઇ જાય છે. જે યુવક નિશ્ચય પૂર્વક જણાવે છે કે તે હતાશ થવા ઇચ્છતો નથી તેની અને કંઇ પણુ યોગ્ય કાર્ય કરવા અશકત યુવકોની વચ્ચે મહાન અંતર દ્રષ્ટિગોચર થશે.

તમે દરેક પ્રકારે સુધરવા યત્નશીલ છો, તમે આત્માસુધારણાના માર્ગ તરફ પ્રયાણુ કરવા તત્પર છો એ વાત પ્રસિદ્ધિમાં આવવાથી તમને જાણુનારા દરેકનું ધ્યાન તમારા પ્રતિ ખેંચાશે. અને જેઓ ઉચ્ચગામી થવાને જરાપણુ યત્ન કરતા નથી તેઓને જે વસ્તુ અપ્રાપ્ય છે તે તમને સ્હેજે પ્રાપ્ય થશે. ઉદ્યોગી માણુસોના જીવનનો પણુ ઘણો ભાગ નિરર્થક જાય છે જેનો બરોબર ઉપયોગ કરવામાં આવે તો લાભકર્તા થવા સંભવ છે.

ઘણી ગૃહિણીઓ સવારથી રાત્રિ સુધી ગૃહકાર્યમાં એટલી બધી પ્રવૃત્ત હોય છે કે તેઓ એમ માને છે કે તેઓને પુસ્તકો, માસિકો અથવા સમાચારપત્રો વાંચવાનો જરાપણુ અવકાશ મળતો નથી; પરંતુ જો તેઓ પોતાનું કાર્ય પદ્ધતિસર બનાવે તો તેઓ કેટલો બધો સમય બચાવી શકે છે તે જોઇ વિસ્મય થશે. પદ્ધતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એજ વખતને બચાવનાર છે. અને ખરેખર, આપણા જીવનનો ક્રમ એવો રચવો જોઇએ કે જેથી કરીને આત્મસુધારણા અને આત્મોત્કર્ષ માટે આપણને પુરતો વખત લભ્ય થઇ શકે. યદ્યપિ આમ ખરી બીના છે. તથાપિ ઘણા લોકો એમ ધારતા જણાય છે કે દરેક કાર્ય પુરૂં થયા પછી અવશેષ રહેલો વખત એજ આત્મ-સુધારણાને માટે યોગ્ય સમય છે. અન્ય કાર્ય કરવા માટે જે વખતની જરૂર નથી હોતી એવો વખત એને જ્યાંસુધી મળતો નથી, ત્યાંસુધી જો તે અગત્યની બાબતો પરત્વે ધ્યાન ચોંટાડે નહિ તો એક ધંધાદારી માણસ કંઇ પણ કરી શકે નહિ એ નિઃસંદેહ છે. કુશલ ધંધાદારી માણસ સવારમાં ઑફીસમાં જઈ દિવસના અગત્યના કામમાં સત્વર મગ્ન થઇ જાય છે. તે સારી રીતે સમજે છે કે જો તે બધી બહારની ઝીણી ઝીણી બાબતોપર ધ્યાન આપશે, જે કોઇ મળવા આવે તેને મળશે અને જે જે પ્રશ્નો તેને પૂછવામાં આવે તેના જવાબ આપવામાં રોકાશે તો તેનું મુખ્ય કામ હાથમાં લેતા પહેલાં ઑફીસ બંધ કરવાનો સમય થઇ જશે. આપણામાંના ઘણા ખરા જે બાબતો પોતાને પ્રિય હોય તેને માટે અવકાશ મેળવવાને યત્ન કરતા હોય છે. કોઈને જ્ઞાન પ્રાપ્તિની ઇચ્છા હોય છે, તો કોઈ આત્મસુધારણા માટે તિવ્રતાથી ઉત્કંઠા ધરાવે છે તો કોઇને વાંચનનો શોખ હોય છે. આ પ્રમાણે સહુ પોતપોતાની પ્રિય બાબતને માટે અવકાશ મેળવવાને યત્નશીલ રહેશે; કારણ કે જ્યાં ઇચ્છા હોય, ઉત્કંઠા હોય, શોખ હોય ત્યાં સમય સ્વાભાવતઃ હોય છે.

ઉપયોગી બાબતોની ખાતર નિરૂપયોગી બાબતોનો આદર અને ત્યાગ કરવાના નિશ્ચય માત્રની જ અપેક્ષા છે. જે વસ્તુઓ પ્રાન્તે આપણને વિશેષ અનુકૂળ અને લાભપ્રદ થઇ પડે એમ હોય તેના ખાતર વર્તમાન અનુકૂળ વસ્તુઓને તિલાં-જલી આપવાના નિશ્ચય માત્રની જ અપેક્ષા છે. વર્તમાન આનંદ અને એશઆરામની ખાતર ભવિષ્યના હિતનો ભોગ આપવાની હમેશા લાલચ હોય છે. કોઇ સાનુકૂળ વખતને માટે વાંચવાનું કાર્ય મુલ્તવી રાખી નકામી વાતોમાં વખત ગુમાવવાની અથવા નિરર્થક મજા મેળવવાની સામાન્ય ઇચ્છા સ્વાભાવિક રીતે દરેકને હોય છે.

**જેઓ પોતાનાં કાર્યો પદ્ધતિસર બનાવી શકયા છે અને જેઓએ પોતાનો કાર્યક્રમ નિયમસર રચ્યો છે તેઓજ મહાન કાર્યો કરવાને સમર્થ નીવડયા છે. જેઓ સમયની કિંમત બરાબર સમજ્યા છે તેઓએ જ જગતના ઇતિહાસમાં નામના મેળવી છે અને તેઓ જ ચિર-સ્મરણીય બન્યા છે.**

જો તમારે આનંદી સ્વભાવ કેળવવો હોય, નવીન મજા, નૂતન ભાવના, નવલ ઉત્સાહ, કદાપિ પૂર્વે નહિ અનુભવેલું નવું ચૈતન્ય પ્રાપ્ત કરવા સ્પૃહા હોય તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારાં માસિકો, સારાં પુસ્તકો હમેશાં નિયમિત રીતે વાંચવાનો પ્રારંભ કરો. પ્રારંભમાં અત્યંત વાંચવાનો યત્ન કરવાથી તમારે કંટાળી જવું નહિ. એકી વખતે માત્ર થોડુંજ વાંચવાની ટેવ રાખો પણ હમેશા થોડું તો વાંચવું. એવી નિશ્ચયાત્મક ટેવ ઘડો. કેટલું થોડું વંચાય છે તેને માટે બિનદરકાર રહો. જો તમે ખરા દિલથી તે પ્રવૃત્તિનો આરંભ કર્યો હશે તો તમારો વાંચન પ્રતિનો પ્રેમ દિવસાનુદિવસ વધતો જશે; અને યોગ્ય વખત જતાં તેનાથી તમે અપ્રતિમ અનનુભૂત આનંદ અને સંતોષના ભોક્તા બનશો. તેનાથી તમારામાં અજબ ચૈતન્ય, વિલક્ષણ ઉલ્લાસ જાગૃત થશે.

કસરતશાલા તરફ દ્રષ્ટિ કરતાં કેટલાક એવા મંદોત્સાહી લોકો જોવામાં આવે છે કે જેઓ પોતાના શરીરના સ્નાયુને મજબૂત બનાવે એવી નિયમિત પદ્ધતિસર અમુક કસરત કરવાને બદલે એક વસ્તુપરથી બીજી વસ્તુપર હેતુ વગર કુદે છે. એકાદ બે મિનિટ સુધી દંડ પીલવાની કસરત કરે છે, તો વળી થોડો વખત ડંમ્બેલ્સની કસરત કરે છે. વળી તેને ફેંકી દઇ હીંચકાની કસરત ખેલે છે. આ પ્રમાણે પદ્ધતિ વગરનું કરવાથી સમય અને શક્તિનો દુર્વ્યય થાય છે. આવા લોકો કસરતશાળામાંથી દૂર રહે એજ ઇષ્ટ છે; કેમકે હેતુ અને ઐકયની ખામીને લીધે તેઓને લાભ કરતાં હાનિ વિશેષ થાય છે. કસરતથી બલિષ્ટ થવાની ઇચ્છા રાખનારે હેતુપુરઃસર અને પદ્ધતિપુરઃસર કસરત કરવાનું લક્ષમાં રાખવું જોઇએ.

શારીરિક અને માનસિક કસરતમાં સ્હેજ ભેદ છે. જોકે પદ્ધતિની અગત્ય બન્નેમાં સરખીજ છે. જેઓ એક પછી એક પુસ્તક હાથમાં લઈ પડતું મુકે છે, જેઓ માત્ર સ્વાદ ચાખનારા જ હોય છે, ઘડીભર એક પુસ્તક તો ઘડીભર બીજું પુસ્તક જેઓ લે છે, અને જેઓ પુસ્તકના પાનાં આમથી તેમ નિર્હેતુક આદ્યંત ફેરવી જાય છે તેઓ વાંચનથી માનસિક વિકાસ કરી શકે એ અસંભવિત છે. વાંચનથી વિશેષ લાભ સંપાદન કરવા માટે તમારે હેતુપુરઃસર વાંચવું જોઇએ. માત્ર ફુરસદનો સમય વ્યતીત કરવા ખાતર એકાદ પુસ્તક નિર્હેતુક હાથમાં લેવું એ અપકર્ષ સૂચક છે. તે આના જેવું છે કે કોઇ શેઠ એક માણસને નોકર તરીકે રાખી તેને કહે કે જ્યારે મારી મરજીમાં આવશે ત્યારે તને કામ સોંપીશ અને મરજીમાં આવશે ત્યારે વિસામાની છુટ આપીશ અને મને કંટાળો આપશે ત્યારે તને મુક્ત કરીશ.

જે પુસ્તક તમે કંઈ પણ હેતુ પુરઃસર વાંચવા ઇચ્છતા હો તે પુસ્તક તમારે શ્રમિત અને અવ્યવસ્થિત ચિત્તથી વાંચવાનું કદાપિ શરૂ કરવું નહિ. જો તમે તેમ કરશો તો તેનાથી તમને કશો લાભ થશે નહિ એ ખાતરી પુર્વક માનજો. હમેશાં ઉલ્લાસ પૂર્વક અને પૂર્ણ ઉત્સાહ પૂર્વક વાંચવાની ટેવ રાખો. મનની વ્યગ્રતા કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેનાથી ઘણાને દુઃખ થાય છે અને વર્તમાન જમાનામાં વાંચનના સાધનો પ્રાપ્ત કરવાની સગવડતા વધી જવાથી જે વ્યગ્રતાને ઉત્તેજન મળે છે તેને દૂર કરવાને આ ટેવ અસરકારક અને અનુપમ ઔષધિ છે. સહેતુક વાંચનથી તમને જે સંતોષ અને આનંદ થશે અને તેના પરિણામરૂપે તમે જે માનસિક વિકાશ અને વિશાળતા અનુભવશો તે બીજા કશાથી થવું અશકય છે. અને તે વખતે આપણને ખ્યાલ આવે છે કે આપણે અજ્ઞાન, અને બીજા માનસિક આવરણોને તેમજ આપણા ઉત્કર્ષના પ્રતિબાધકોને આપણે છિન્નભિન્ન કરી નાંખીએ છીએ. જ્યારે મનની સંપૂર્ણ એકાગ્રતા પૂર્વક વાંચવામાં આવે છે, ત્યારે જ માનસિક બળમાં વધારો થાય છે. અને તેથી જે પુસ્તક વાંચવાનું શરૂ કરવું તે અંતઃકરણ પૂર્વક અને સંપૂર્ણ એકાગ્રતા યુકત પ્રસન્ન ચિત્તથીજ વાંચવું.

નિશ્રેષ્ટ વાંચનની અસર અવ્યવસ્થિત વાંચનની અસર કરતાં વધારે નુકશાનકારક નીવડે છે. જેમ કસરતશાળામાં બેસવાથી શરીર મજબૂત થઈ જાય એ આશા વ્યર્થ છે તેમ આવા પ્રકારના વાંચનથી મગજના તંતુઓ બળવાન બને એ આશા પણ આકાશપુષ્પવત્ છે. કેમકે આવા પ્રકારના વાંચનમાં મન નિશ્રેષ્ટ અને અસ્થિર હોય છે, કોઇ પણ સ્થળે એકાગ્ર થયા વગર અત્રતત્ર ભટકતું હોય છે. આવું વાંચન માનસિક શકિતને તેમજ બુદ્ધિને નિર્બળ બનાવે છે, અને મગજને કઠિન વિષયોમાં પડવાની શકિતથી રહિત કરી મુકે છે.

જો મગજ અંતઃકરણથી દોરાતું નથી, જ્ઞાન પ્રાપ્ત કરવાની તિવ્ર અભિલાષા, વિશાળ વિકાસ માટેની ઉગ્ર ઉત્કંઠા અને મનોરાજ્યને ઉચ્ચતમ આદર્શો અને ભાવનાઓથી વિભૂષિત કરવાની પ્રબળ આકાંક્ષા—એ સઘળા વાંચનના હેતુ નથી હોતા તો તમને કોઈ પણ પુસ્તકના વાંચનથી ઉત્તમ લાભ થશે નહિ. પરંતુ જેવી રીતે તપ્ત ભૂપ્રદેશ વરસાદના પાણીને ચૂસી લે છે તેવી રીતે તમારો જ્ઞાનપિપાસુ આત્મા લેખકના વિચારોનું પાન કરી લે તોજ તમારી ગુપ્ત અપ્રકટ શકિતઓ ભૂમિમાંના બીજની માફક નવીન જીવન અને ચૈતન્ય પ્રાપ્ત કરી શકશે.

જ્યારે વાંચો ત્યારે વિદ્વાન નરરત્નોએ વાંચ્યું તેમ વાંચો મેકોલેએ વાંચ્યું તેમ વાંચો. કાર્લાઈને વાંચ્યું તેમ વાંચો. અને જે મહાપુરૂષોને વાંચનથી લાભ થયો છે તે દરેકની માફક વાંચવાનો અભ્યાસ રાખો. તેવી ટેવ કેળવો. અને જે લાભ તેઓને થયો તે તમને પણ થશે. એ નિર્વિવાદ છે. એટલે તમે જે વાંચો તેમાં તમારા આત્માને મગ્ન કરી વાંચો અને એવા એકાગ્ર ચિત્તથી વાંચો કે તમારા પુસ્તક બહારની દરેક વસ્તુના અસ્તિત્વને વિસરી જાઓ.

એક સુવિખ્યાત આંગ્લ વિદ્વાનના શબ્દોમાં કહીએ તો "Reading furnishes us

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



only with the materials of knwoledge, but it is thinking that makes what we read ours " ( વાંચનથી માત્ર જ્ઞાનપ્રાપ્તિના સાધનનો આપણુને લાભ થાય છે, પરંતુ જે આપણે વાંચીએ તે આપણું કરવા માટે વિચાર કરવાની ટેવની આવશ્યકતા છે. )

પુસ્તકોમાંથી અધિક લાભ મેળવવા માટે વાચકે વિચારક થવાની જરૂર છે. માત્ર વાતો જાણવાથી માનસિક બળમાં અને વિકાસમાં વૃદ્ધિ થતી નથી. જેનાથી લાભ થઇ શકે નહિ એવા વિષયોથી મનને ભર્યા કરવું તે આપણા ઘરમાં હાલીચાલી શકાય નહિ તેવી રીતે ફર્નીચર ખડકયા કરવા સમાન છે. જ્યાંસુધી ખોરાકનું બરાબર પાચન થઇ રસ થતો નથી, ત્યાંસુધી શારીરિક બળ જામતું નથી તેમ જ્યાંસુધી જ્ઞાન બરાબર પચતું નથી, મનનો એક મુખ્ય ભાગ બનતું નથી ત્યાંસુધી મનમાં ભરેલા જ્ઞાનથી વાસ્તવિક રીતે માનસિક બળ જામતું નથી.

જો તમારે માનસિક બળ સંપાદન કરવાની ઇચ્છા હોયતો એકાગ્ર ચિત્તથી વાંચી રહ્યા પછી આ ટેવ પાડો. "વારંવાર તમારૂં પુસ્તક બંધ કરો, થોડીવાર બેસો અને મનન કરો; અથવા ઉભા રહો, ચાલો અને ચિંતન કરો. વાંચન, વિચાર, મનન અને નિદિધ્યાસન કરો. જે કંઈ તમે વાંચ્યું હોય તેનું વારંવાર તમારા મનમાં ચિંતન અને મનન કર્યા કરો. મનનવડે જ્યાંસુધી તમે તેને પચાવ્યું નથી, તમારા જીવનમાં ઉતાર્યું નથી, ત્યાંસુધી તે તમારૂં નથી. જ્યારે તમે પહેલવહેલું વાંચો છો ત્યારે તે લેખકનું હોય છે, અને જ્યારે મનનવડે તમે તેને તમારો અભિન્ન ભાગ બનાવો છો ત્યારે જ તે તમારૂં થાય છે. અપૂર્ણ.

# કલકત્તા શહેરમાં મળેલી અગીયારમી શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ.

**સંવત્ ૧૯૭૪ ના માગશર વદ ૨-૩-૪ રવી-સોમ-મંગળવાર, તા. ૩૦-૩૧ ડિસેમ્બર; અને તા. ૧ જાનેવારી સને ૧૯૧૭-૧૮.**

## પ્રથમ દિવસ.

હીંદના પાયતખ્ત શહેર કલકત્તા ખાતે મળેલી જૈન કોન્ફરન્સ વિજયવતી થઈ છે. બંગભૂમિ પર પડતાં આ વખતના અનેક સંમેલનોના પડઘાનો પ્રભાવ તેની અંદર દેખાઈ આવ્યો છે. જૈન સમાજના જીવન વિકાશની મહાશક્તિનું સ્વરૂપ તે સ્થાને કેટલેક અંશે પ્રગટ થઈ આવ્યું છે, એમ કહી શકાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ દિવસોમાં આપણી કોન્ફરન્સની બેઠક બાબુસાહેબ બદ્રીદાસજીના ભવ્ય બગીચામાં ઉભા કરેલા મંડપમાં બપોરના બારવાગે મળી હતી. જેમાં ચતુર્વિધ સંઘની હાજરી હતી. કોન્ફરન્સનું કાર્ય શરૂ કરતાં મંગળાચરણ કર્યા બાદ રીસેપ્શન કમીટીના સેક્રેટરી **બાબુસાહેબ રાયકુમારસિંહજીએ** આમંત્રણ પત્રિકા વાંચીબતાવી હતી. ત્યારબાદ આવકાર દેનાર કમીટીના પ્રમુખ **શેઠ રામચંદ જેઠાભાઈએ** સર્વેને આવકાર આપતાં પોતાનું ભાષણ વાંચી બતાવ્યું હતું. પ્રમુખનું આ ભાષણ ઘણુંજ સાદું મુદ્દાસરનું હતું જે ખરેખર મનન કરવા જેવું છે, તે ઘણા વર્ત્તમાન પેપરોમાં આવી ગયેલ છે. ત્યારબાદ બાબુ ચુનીલાલજી ન્હારે પ્રમુખ શેઠ **ખેતશીભાઈ ખીઅશી** જે. પી. ને પ્રમુખ નીમવાની દરખાસ્ત અને શેઠ લક્ષ્મીચંદજી ઘીયા અને ઝવેરી મોહનલાલ હેમચંદ અને બાબુ દોલતસિંહજીના ટેકાથી શેઠ ખેતશીભાઇએ પ્રમુખસ્થાન લીધું હતું. ત્યારબાદ તેઓશ્રીનું ભાષણ વાંચવામાં આવ્યું હતું. જો કે આ ભાષણ વિસ્તારયુક્ત, દરેક વિષયને સ્ફુટ કરનારૂં અને ઘણુંજ અસરકારક હતું. આગલી દરેક કોન્ફરન્સના પ્રમુખોના ભાષણો જો કે મુદ્દાસર અને યોગ્ય હતા, પરંતુ આ વખતના પ્રમુખનું ભાષણ એટલુ બધું અસરકારક, ઉપયોગી અને મનન કરવા જેવું હતું કે તે પ્રમાણે જો અમલ કરવામાં આવે અને દરેક જૈન વ્યક્તિ તે પોતાની જવાબદારી સમજે તો અમો ખાત્રીપૂર્વક કહીયે છીયે કે એક દશકામાં જૈન સમાજની ઉન્નતિ કોઇ ઉંચા પ્રકારની થાય. પ્રમુખ સાહેબનું આ ભાષણ અંતઃકરણની ઉંડી લાગણી, પોતાનો અનુભવ અને જમાનાની જરૂરીયાતો બતાવનારૂં અને ઉદાર આશયોથી ભરપૂર હોઇ વિચારવંત મનુષ્યો એક અવાજે પ્રશંસા કરે તેવું છે. કલકત્તા જેવું જાહોજલાલીવાળું પાયતખ્ત શહેર, ખરેખર એક બાહોશ અને ઉદાર નરરત્ન પ્રમુખ અને તેના આ ભાષણમાં નીકળેલા ઉચ્ચ પ્રકારના ઉદ્દગારો એ ત્રીપુટીએ આ વખતની કોન્ફરન્સને આનંદજનક અને વ્યવહારૂ બનાવી છે. સાથે કેળવણી જેવા કાર્ય માટે એક લાખ રૂપૈયા જેટલી રકમનું ફંડ થયું તે તે કાર્યને સંગીન બનાવનારૂં છે. અમો આપણા ઉદાર કચ્છી જૈન બંધુઓ માટે પ્રથમથીજ કહેતા આવ્યા છીયે કે તેઓ ધાર્મિક કાર્યો માટે ઉદારતા કરનારા ખરેખરા નરરત્નો છે જેમાં આ આપણા માનવંતા પ્રમુખ શેઠ ખેતશી ભાઇએ ગયા માશમાં પણ મુંબઈમાં સારી સખાવત કરી હતી ( જે અમારા ગયા અંકમાં સામાન્ય નોંધ આપવામાં આવી છે ) અને કોન્ફરન્સ વખતે પણ કેળવણીના કાર્યમાં અને ઉક્ત શહેરમાં ધર્મશાળા ઉપાશ્રય જેવા કાર્ય માટે પણ એક સારી રકમની ઉદારતા બતાવી છે; જેથી ખરેખર પ્રસંગને અનુસરતી કરેલી તે સખાવત માટે બંધુ શેઠ ખેતશીભાઇ ધન્યવાદને પાત્ર છે.

સાંપ્રતકાલે મુંબઇની જૈન કોમમાં ઉદારતાના મહાન્ શિખર ઉપર ચડેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વકોમવત્સલ **શેઠ ખેતુશી ખીઅશી** જે. પી. એ પ્રમુખના આસન ઉપરથી પ્રગટ કરેલા ઉદ્દગારો આ કોન્ફરન્સના કર્ત્તવ્ય માર્ગને પૂર્ણ રીતે દર્શાવનારા અને આખી જૈન સમાજના નિયામક રૂપે ઘણાં ઉપયોગી દેખાયા છે. જૈન સમાજની સ્વસ્થતા અને ઉન્નતિ માટે તેમજ સુખ સંપત્તિના વિકાશની ખાતર આવશ્યકરૂપે પ્રમુખનું ભાષણ સર્વ જૈન સમાજે મનન કરવા જેવું છે. ઉક્ત પ્રમુખસાહેબનું ભાષણ ઘણા પેપરોમાં આવી ગયેલ હોવાથી અત્રે તેના ઉપરથી ઉપજતા વિચારોનું માત્ર દિગ્દર્શન કરીયે છીયે. મહાશય પ્રમુખે પોતાના ભાષણના આરંભમાં કોન્ફ્રન્સે આજસુધીની બેઠકોમાં શું કરી બતાવ્યું છે, તે વિષે ઇસારો કરી જણાવ્યું છે, કે, જૈન **સમાજની આંતરસ્થિતિ તંદુરસ્ત અને બળવાન્ કરવા તરફ પૂરતું લક્ષ્ય અપાયું નથી**. આ તે મહાશય પ્રમુખનું કથન અક્ષરશઃ સત્ય છે. વિવિધ પ્રકારના મતભેદો અને કલહોને લઇને સંઘશક્તિના બધા અવયવો છિન્નભિન્ન થઇ જવાથી એક કાર્યસાધક પરસ્પર ઉચ્ચ સંઘટના થઇ શકી નથી તેમજ જૈન સમાજના આચાર વિચાર અને બંધારણના નિયમોનું વિશોધન તથા સંશોધન ઉત્તમ રીતે થઇ શક્યું નથી. તેના મુખ્ય કારણ રૂપે જ્ઞાતિઓ, સંઘો અને સાધુમુનિરાજો તરફથી થયેલી અનેક ઘટનાઓ અને ચર્ચાઓ છે. તેવી ચર્ચાઓ થઇ કોન્ફરન્સનું બંધારણ શીથીલ ન થવા પામે તેને માટે મહાશય પ્રમુખ પોતાના ભાષણમાં ખાસ ચેતવણી આપેલી છે, કોન્ફરન્સનો આજસુધીના કર્ત્તવ્યનો ઇતિહાસ જોઇ પ્રમુખ મહાશયે જે જે ખામીઓ દર્શાવી છે, તે તે ખામી દૂર કર્યા વગર આપણી જૈન સમાજ ભારતમાં ઉચ્ચ શિખર પર ચડી પ્રકાશમાન થઇ શકશે નહીં, એમ અમે માનીએ છીએ. ઉન્નતિના શિખર ઉપર આરૂઢ થવાને માટે જે સુંદર સોપાનની સીડી જોઇએ, તે સીડીની ઉચ્ચ રચના હજુ કોન્ફરન્સ તરફથી કરવામાં આવી નથી. લક્ષ્મી અને વિદ્યાનો સંયોગ કરવાનો વ્યવહારિક સિદ્ધાંત દૃષ્ટિ સમક્ષ ખડો રાખવો, તાત્કાલિક જરૂરના કાર્યોમાં સામાજિક સઘળી શક્તિઓનો વ્યય કરવો અને વિદ્યા, કલા અને ઉદ્યોગની વૃદ્ધિના જેવાં સર્વોપરિ આવશ્યક કાર્યો માટે સંગીન યોજના કરવી એ ત્રણ સોપાનની સીડીથી જ ઉન્નતિના શિખર ઉપર ચડી શકાય છે, તેવી સીડીની રચના જૈન કોન્ફરન્સ હજુ સુધી કરી શકી નથી, એ વાત મહાશય પ્રમુખે સૂચનારૂપે કહી બતાવી છે, અમો પણ તે ખામી કેટલેક અંશે જોઇ શકીએ છીએ. મહાશય પ્રમુખે પોતાના ભાષણમાં પ્રગતિના મૂળમંત્ર રૂપ જીવતીશ્રદ્ધા વિષે જે વિવેચન કર્યું છે, તે તરફ જૈન સમાજે પૂર્ણ લક્ષ્ય આપવાનું છે. જ્યાં તે મહાન શ્રદ્ધાને સ્થાન મળે છે, ત્યાં સર્વ પ્રકારની શક્તિઓનો વિકાસ થાય છે. આપણી પરંપરાગત કલા વ્યાપારની છે તે વ્યાપારતંત્રની વૃત્તિને વર્ત્તમાન સમયમાં પુષ્કળ અવકાશ છે, માત્ર એ વૃત્તિથી જે પરિસ્થિતિ બદલાઇ છે, તે પરિસ્થિતિ વૈદેશિક હોવાથી આપણે સમજવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇએ અને તેને અનુકૂળ થવાની તાલીમ મેળવવી જોઇએ. આપણી ઉછરતી પ્રજાને જો એ તાલીમ આપવામાં આવશે તો તે પ્રજા અંતરમાંથી અને સ્વબળથી આપણા સમાજની ઉન્નતિ સાધી શકશે. આ બધું મહાશય પ્રમુખના કહેવા પ્રમાણે જીવતી શ્રદ્ધાનું બળ છે. તે જીવતી શ્રદ્ધાના બળથી જૈન સમાજ ભુતકાળની મોટાઇનું સ્મરણ કરી ભવિષ્યકાળની ઉન્નતિની રચના કરી શકશે, અને તેથી કરીને તે જૈન સમાજ અર્વાચીન સમયે કદિ ન હતો તેવો યશસ્વી અને મહાન્ બનાવી શકાશે. ભારતની સમગ્ર પ્રજામાં હજુ જૈન પ્રજાનો પ્રભાવ દેખાય છે અને અન્ય પ્રજાના મોટા ભાગને કહેવું પડે છે કે, જૈન ધર્મની ભાવનામાં જે સંઘશક્તિ રહેલી છે, અને તે શક્તિથી ઉભય લોકના કલ્યાણને માટે જે સામાજિક ભાવના ઘડાએલી છે, તે ભાવના જેવી ઉચ્ચ ભાવના બીજી એકે પ્રજામાં નથી. આ ભાવનાની પુષ્ટિને માટે જીવતી શ્રદ્ધા રાખવા જેવો બીજો ઉપાય નથી એમ અમે માનીએ છીએ.

મહાશય પ્રમુખે **કામની શરૂઆત ક્યાંથી થવી જોઇએ,** તે વિષે લંબાણથી વિવેચન કરી જૈન સમાજને આપેલો ઉપદેશ મનન કરવા જેવો છે. આપણા જૈન સમાજમાં હાનિકારક રીવાજોની જે મલિન છાયા પડી ગઈ ગઇ છે, તે તદ્દન નાબુદ કરવાની નિર્બળતા અદ્યાપિ દૂર થઇ શકતી નથી, તો પછી પ્રગતિ કરવાનું સામર્થ્ય આપણામાં શી રીતે આવી શકશે ? આજસુધી ભરાએલા અધિવેશનોમાં એ વિષયના પિષ્ટપેષણો થયા કરે છે અને તેના નિયમો ઘડાય છે, અને પ્રસાર પણ થાય છે, તથાપિ તે રીવાજોનું સર્વથા ખંડન થઇ શકતું નથી, તેનું કારણ આપણામાં કેળવણીનો અભાવ છે, એ મહાન્ કાર્ય કેળવણીની વૃદ્ધિ વિના સાધ્ય થવાનું નથી. મહાશય પ્રમુખે આપેલા શિક્ષિત વર્ગના આંકડા ઉપરથી આપણે જાણવું જોઇએ કે, આપણા વર્ગમાં એક હજાર મનુષ્યે માત્ર ચારસોને પચાસ માણસો લખી વાંચી જાણે છે, અને એક હજારે માત્ર વીશ માણસોજ ઇંગ્રેજી જાણે છે. આ આંકડાઓ ઉપરથી આપણામાં કેળવણી કેટલી ઓછી છે, તે દેખાઈ આવે છે. સાંપ્રતકાળે આપણે શિક્ષણનું બળ વધારવું જોઇએ. શિક્ષણના ઉચ્ચ બળ વગર આપણામાં ઉચ્ચ સંસ્કૃતિ વંશપરંપરાથી ઉતરી આવેલી છે, તેથી આપણું બુદ્ધિબળ કાંઇ ઓછું નથી. આપણા સમાજને માટે જો શ્રીમંતો તરફથી શિક્ષણની મોટી મોટી સંસ્થાઓ ઉભી કરવામાં આવશે તો આપણી ઉછરતી પ્રજાને આગળ પ્રગતિ કરવાની નવી પાંખો આવ્યા વગર રહેશે નહીં. આપણી જૈન પ્રજાના દિવ્ય જીવનના અંશ પ્રગટ કરવાને માટે ઉચ્ચ ધાર્મિક અને વ્યવહારિક શિક્ષણના જેવું બીજું એકે સાધન નથી.

મહાશય પ્રમુખે કેળવણીની વૃદ્ધિ માટે વિદ્યાર્થીગૃહો અથવા બોર્ડીંગહાઉસો સ્થાપન કરવાની આવશ્યકતા દર્શાવી છે, તે તરફ જૈન સમાજે પૂર્ણ લક્ષ આપવું જોઇએ. સાંપ્રત કાળે ધાર્મિક ઉત્સવો વગેરે કાર્યોને માટે જેવો ધનવ્યય પ્રધાનપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે, તેમ તેનાથી અધિક ધનવ્યય પણ તે માર્ગે થવો જોઈએ. લાખો રૂપીઆના ખર્ચે જો વિદ્યાર્થીગૃહોની યોજના કરવામાં આવે તો જૈન પ્રજામાંથી અનેક યુવકો વિદ્વાન્ અને વ્યાપારી થઈ શકશે. અને તેથી આગળ વધી તેઓ શ્રીમંતોની સંખ્યામાં વધારો કરી શકશે.

મહાશય પ્રમુખે કહ્યું છે કે, **હવે દેશ કાલ બદલાયા છે અને નવે રસ્તે કામ કરવાની જરૂર છે.** તે મહાશયનું આ વાકય આપણા જૈન સમાજની પ્રગતિના મંત્રનું સ્વરૂપ છે. આપણે એ સ્વરૂપ સારી રીતે સમજવું જોઈએ. સમાજની ઉન્નતિ અને જાગ્રતિ માટે નવા રસ્તાઓ ગ્રહણ કર્યા વગર છુટકો નથી. હવે આપણી જીર્ણ અને પુરાણી ભાવના તરફ આપણે અતિ આગ્રહ રાખવો ન જોઇએ. કેટલાએક વિદ્વાનોએ અનુભવથી સિદ્ધાંત કર્યો છે કે, " ધર્મનું તત્વ જનસમાજને ધારણ કરવો-ટકાવવો એજ છે. જે આચાર વિચાર એથી વિપરીત નીવડે તે ધર્મ હોઈ શકે જ નહીં. અને તેથી આપણે આપણાં જનસમાજનાં આચાર વિચાર અને બંધારણનું દેશકાલાનુસાર શોધન કરવું જોઈએ એનું નામજ ખરો સુધારો છે.

મહાશય પ્રમુખે કેળવણી અને કોન્ફરન્સની ફત્તેહને માટે કેળવાએલાઓની સામેલીઅતની જે આવશ્યકતા દર્શાવી છે, તે તરફ અમે સંપૂર્ણ અનુમોદન આપીએ છીએ. કેળવણીની તાલીમ લઇ આગળ પડેલા યુવકોની મોટી સેના એકઠી થશે તો આપણાં સમાજનો વિજય વાવટો અવશ્ય ફરકશેજ. નવા સુધારામાંથી ઉન્નતિના દિવ્ય અંશો સંપાદન કરવામાં અને સમાજની સેવાના તત્વોને પોષવામાં જે કાંઈ સામર્થ્ય રહેલું છે, તે આપણો કેળવાએલો વર્ગ સારી રીતે પ્રકાશમાન કરી શકશે. તે સાથે નવા યુગધર્મનો જે પ્રભાવ પ્રશંસાપાત્ર ગણાય છે, તે પ્રભાવનું સ્વરૂપ પાડવામાં તે વર્ગજ ઉપયોગી થઇ પડશે. સાંપ્રતકાળે આપણાં દેશમાં વેપારી રાજ્ય ચાલે છે અને તેથી વિદેશી વ્યાપારની નવી નવી યોજનાઓ દેખવામાં આવે છે. તો આપણે વ્યાપાર લક્ષ્મીના પરમ ઉપાસક છીએ, તેથી આપણાં યુવકોનું ખરૂં વૈશ્ય જીવન જેનાથી જાગ્રત થાય, તેવી યોજનાઓ આપણે અવશ્ય ઘડવી જોઇએ. વ્યાપાર કળાની ઉંચી તાલીમ મેળવીને આપણા યુવકો વ્હેપાર ધંધામાં પણ પોતાના તેજસ્વી કિરણો પ્રગટાવી શકશે, એમ ખાત્રીથી માનવું.

મહાશય પ્રમુખે આપણી સંખ્યામાં થતા જતા ભયંકર ઘટાડા વિષે સશોક વદને જણાવ્યું છે, તે તરફ પણ આપણે પૂર્ણ ધ્યાન આપવાનું છે. તે મહાશયે આપેલા જૈન વસ્તીના ઘટાડાના આંકડાઓ ખરેખરા ચોંકાવનારા છે. હવે તે વિષે શા ઉપાયો લેવા, તે આપણે વિચારવાનું છે. તે મહાશયે આપેલા તેના કારણોમાં મુખ્ય ગરીબાઇ અને શારીરિક નિર્બળતા છે.

આપણો સમાજ વર્ત્તમાન અને વ્યવહારિક સ્વરૂપ જોઇ શકતો નથી, તેથીજ એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાન્ હાનિ થઇ છે. આરોગ્ય સાચવવાના નિયમો તરફ આપણી ઘણીજ ઉપેક્ષા છે. બાલકોની તંદુરસ્તી કેવી રીતે સાચવવી જોઇએ અને બ્રહ્મચર્યના રક્ષણને માટે કેવા ઉપાયો યોજવા જોઇએ ? એ સંબંધી વિચારોની અજ્ઞાનતા આપણાં સમાજમાં ઘણી છે, તે આપણે વિચારવાનું છે. મુંબઈમાં ગીચ વસ્તીવાળા ભાગમાં વસનારા જૈનોની દશાને માટે ઘણાં વખતથી પોકાર થયા કરે છે અને તેના ઉદ્ધારને માટે કેટલાએક સખી ગૃહસ્થો તરફથી યોજના કરવાની હીલચાલ થઇ છે, પણ તે વિષે મુંબઇનો આપણો શ્રીમંત સમાજ કાંઇ પણ કરી શકયો નથી તેને માટે સારા સારા વિચારકોએ વિચારો આપ્યા છે પણ તે આખરે અરણ્ય રૂદન જેવાં થયા છે.

ગરીબાઇને માટે તો ઉદ્યોગ હુન્નરની યોજનાનો ઉપાય સર્વોત્તમ છે, પણ હજુ તે કાર્ય સંગીન રીતે થઈ શકતું નથી. જ્યારે મીલ વગેરે ઉદ્યોગના વિશાળ સાધનોવાળા અને વ્યાપારની મહાન્ પેઢીઓને પ્રસારનારા જૈન શ્રીમંતો પોતાના દયાળુ હૃદય ઉપર જૈનોની ગરીબાઇનો અંત લાવવાની પ્રબળ ઇચ્છા ધારણ કરશે ત્યારેજ એ કાર્ય પાર પડશે. અને જૈન પ્રજાની સંખ્યામાં થતો જતો ભયંકર ઘટાડો દૂર થઇ જશે.

મહાશય પ્રમુખે જૈન સ્ત્રીઓની સ્થિતિ વિષે જે દિગ્દર્શન કરાવ્યું છે, તે જાણતાં દરેક જૈનના હૃદયમાં કંપારી છુટયા વગર રહેશે નહીં. ઈ. સ. ૧૯૧૧ માં વસ્તીની સંખ્યા પત્રક ઉપરથી માલમ પડયું છે કે, છ લાખ જૈન સ્ત્રીઓમાં દોઢ લાખ વિધવાઓ હતી. એટલે પચીશ ટકા જેટલું વિધવાનું પ્રમાણ હતું. ભારતવર્ષની તમામ કોમોના કરતાં જૈન કોમમાં વિધવાનું પ્રમાણ વિશેષ છે. તેમાં ૨૦ થી ૪૦ વર્ષની વયની બે લાખ સ્ત્રીઓમાં લગભગ અડધો લાખ સ્ત્રીઓ વિધવા હતી. જૈન સ્ત્રીઓની આ દયા ઉપજાવનારી સ્થિતિ આપણાં સમાજને કેટલી બધી શરમ ઉપજાવનારી છે ? દયાધર્મીનો દાવો ધરનારી જૈન પ્રજામાં આ કેવું નિર્દય કાર્ય દેખાય છે ? આવા કાર્યથી આપણને ખાત્રી થાય છે કે, આપણા સમાજમાં ચાલતા બાળલગ્ન, વૃદ્ધવિવાહ અને સંકુચિત પેટા જ્ઞાતિના રીવાજોનું આ ભયંકર પરિણામ છે.

મહાશય પ્રમુખે એક ધર્મ પાળનારાઓને જ્યાં રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર હોવો જોઇએ તેના સંબંધમાં જણાવેલા વિચારો તે અસ્થાને નથી. આવી એક ધર્મ પાળનારી નાની નાંની જ્ઞાતિઓની સાથે સમગ્ર દીકરી લેવા દેવાનો મોટી નાતોને સંબંધ ન હોવાથી કેટલીક વખત તેવા દીકરી લેવા દેવાના વ્યવહારના કાર્ય માટે ધર્મ છોડી દેવો પડે છે કે છોડાવવો પડે છે અથવા તેવી નાની નાની નાતો કેટલોક વખત પછી તદન નષ્ટ થઇ જાય છે બીજા અન્ય ધર્મમાં સામેલ થઇ જાય છે. આવા ઘણા દાખલાઓ બને છે

એક ધર્મ પાળનાર એક સાથે બેસી જમનારની વચ્ચે આવા વ્યવહાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન થાય તે ધર્મની ઉદાર ભાવના અને શુદ્ધ વ્યવહારની દ્રષ્ટીએ અનુચિત છે. વળી એક ધર્મ પાળનાર જુદી જ્ઞાતિના છતાં એક બીજાને ત્યાં ખાનગી ભોજન વ્યવહાર કરે અને સ્વામી વાત્સલ્ય જેવા ધાર્મિક જમણમાં તેઓની સાથે વ્યવહાર ન થાય તે પણ ધાર્મિક અને શુદ્ધ વ્યવહારની દૃષ્ટિએ અનુચિત છે તેથી તે બાબે મહાનુભાવ પ્રમુખે જે જણાવેલ છે, તે વિચારવા જેવું અને યોગ્ય છે.

મહાશય પ્રમુખે ઐક્યના વ્યવહારિક માર્ગોને ઉદ્દેશીને દર્શાવેલા ઉદ્દગારો ખરેખર મનન કરવા જેવાં છે. તેમાં ગચ્છમતના ભેદને લઇને આપણા સમાજમાં જે કલહો ઉત્પન્ન થયાં છે, થાય છે તેમને દબાવી દેવા સત્વર ઉપાયો યોજવામાં નહીં આવે, ત્યાંસુધી આપણા સમાજની એકતાની શૃંખલા કદિ પણ મજબુત રહેવાની નથી. એક સમર્થ વિદ્વાને લખ્યું છે કે, " સર્વ સમાજ અથવા જ્ઞાતિ વસ્તુત: મનુષ્ય–આત્મજ છે. એ સમજણ ખરી અને તાત્વિક છે. પણ જો એ સમાજ અથવા જ્ઞાતિને અવિચ્છિન્ન રાખવી હોય તો તેના સર્વ ભેદોને રાષ્ટ્રભાવનાની અગર એક ધર્મની દૃષ્ટિએ એક કરવા કે જેથી કદી પણ એકતાનો વિચ્છેદ થઇ શકશે નહીં. "

સાંપ્રતકાલે જૈનોએ પોતાના જીર્ણ ભાવનાના દેહમાં નવું જીવન પૂરવું જોઇએ કે જેથી ઘણી ઉમદા અને ઉન્નત અને કીંમતી જનસંસ્કૃતિ સ્વત: પ્રગટ થઇ આવે. એકંદર મહાશય પ્રમુખના ભાષણની વાણી જૈન સમાજની પ્રગતિની સૂત્રવાણી બની છે; એમ કહેવું જોઇએ. એ વાણીનો પ્રવાહ ચાલ્યા પછી કોન્ફરન્સનો કાર્યક્રમ ઉત્સાહ ભરેલો પ્રવર્ત્યો છે. હીંદુ વિશ્વવિદ્યાલયમાં જૈન સાહિત્યને સ્થાન અપાવવાને સંબંધે થયેલા ભંડોળમાં લક્ષ્મીની રેલછેલ થઇ છે જે ઉપરથી આ કોન્ફરન્સની બેઠકની સાર્થકતા પૂર્ણ અંશે થયેલી દેખાઇ છે. અને તે ઉપરથી કાર્યવાહક મંડળે આપેલું નવું ચેતન જાજ્વલ્યમાન દેખાયું છે.

વિશુદ્ધ અને બલિષ્ટ સામાજીક બળ કર્તવ્ય ભાવના ઉપર કેવી અસર કરે છે. એ વાત આ કોન્ફરન્સે સિદ્ધ કરી બતાવી છે, એમ અમારે કહેવું જોઇએ. વિશેષ આનંદની વાત એ છે કે, આ વિજયવતી કોન્ફરન્સમાં મહાત્મા તિલક અને ગાંધીઅને મી. માલવીયા જેવા લોક નાયકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. જે સમયે આ દેશની પ્રજામાં સ્વતંત્રતાના મંત્રો જપાય છે અને તેની ઉદ્દઘોષણાને સર્વત્ર ચાલી રહી છે, તેવે સમયે દેશ સેવાની મહા વિદ્યાના આચાર્ય રૂપ તે લોક નાયકોની હાજરીથી જૈન કોન્ફરન્સમાં એક નવું ઉત્સાહમય દિવ્ય ચૈતન્ય પ્રગટ થાય તેમાં આશ્ચર્ય નથી.

અમારે સંતોષ પૂર્વક જણાવવું જોઇએ કે, બંગ દેશની રાજધાનીમાં ભરાએલી આ કોન્ફરન્સ સર્વ પ્રકારે વિજયવતી બની છે ત્યાંના સ્વાગત મંડળની સેવા ભક્તિ ઉચ્ચ પ્રકારની ગણાઈ છે અને તેના માનવંતા સેક્રેટરી શ્રીયુત બાબુ સાહેબ રાય કુમારસિંહજી સાહેબે શ્રી સંઘની કરેલ ભક્તિ માટે તેઓ ધન્યવાદને પાત્ર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણા ટુંકા વખતમાં કાર્યક્રમ શરૂ કરેલો હોવા છતાં કલકત્તાની રીશેપસન અને અન્ય કમીટીએએ ભગીરથ પ્રયત્ન વડે કાર્ય પાર પાડયું છે. જેથી તેઓને માટે ધન્યવાદ સાથે અમારો આનંદ જાહેર કરીએ છીયે. અને કોન્ફરન્સ દેવીના વિશાળ મંડપમાં આદિથી તે અંત સુધી જે કાર્યો થયા, તે સર્વ ઉત્સાહ પૂર્વક થયા છે તેની અંદર ચર્ચાએલા વિષયો જૈન સમાજના ખરેખરા કલ્યાણપોષક બન્યા છે. આ સમયે વિવિધ વિષયોના મંથનમાંથી જૈન સમાજે અમૃતમય નવનીત મેળવ્યું છે. અને તેમાંથી ઉચ્ચ શિક્ષાઓના પ્રતિધ્વની પ્રગટ કર્યા છે. અમોને ખાત્રી થાય છે કે, નવા ચૈતન્યને પ્રાપ્ત કરનારી આ કોન્ફરન્સના ઉત્સાહનું અનુકરણ કરી હવેની કોન્ફરન્સોને જો ભરવામાં આવશે તો આપણા જૈન સમાજને નિત્યના વ્યવહારમાં અને ચાલતા જીવનક્રમમાં મનની ખરી ઉન્નતિ ઉછેરવાનાં બીજ પ્રાપ્ત થશે, ઉત્તમ જાતના ભવિષ્ય ઉપર શ્રદ્ધા કરતા શીખવશે, અને સમાજનું તે ઉજ્વળ ભવિષ્ય મેળવવાનું સામર્થ્ય પ્રાપ્ત કરાવશે.

ત્યારબાદ રેઝોલેસન પસાર કરવા સબ્જેકટ કમિટી નીમવામાં આવી હતી.

## દ્વિતીય દિવસ.

### તા. ૩૧-૧૨-૧૯૧૭ રવિવાર.

આગલા દિવસ મુજબ આ દિવસે ઉક્ત મંડપમાં બીજા દિવસની બેઠક મળી હતી. જેમાં લોકમાન્ય તીલક, શ્રીયુત્ ગાંધી મોહનલાલ કરમચંદ, સર કૈલાસચંદ બોઝ, રા. વિભાકર બેરિસ્ટર વિગેરે કેટલાક દેશહિતેચ્છુએ હાજરી આપવાથી ઔર આનંદ થયો હતો.

મંગળાચરણ કર્યા બાદ નીચે મુજબના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

**ઠરાવ પહેલો—રાજભક્તિ. ઠરાવ બીજો—હિંદી પ્રધાનનું સ્વાગત. ઠરાવ ત્રીજો—મરણ શોક.**

ઉપરોક્ત ત્રણ ઠરાવો પ્રમુખ તરફથી રજુ કરવામાં આવ્યા હતા અને તે સર્વાનુમતે પસાર થવા પછી યોગ્ય સ્થળે તે ખબર તારદ્વારા મોકલવાને પ્રમુખને સત્તા આપવામાં આવી હતી.

### ચોથો ઠરાવ—હીંદુ યુનિવર્સિટી અને જૈન કોમ.

આ ઠરાવ મી. મકનજી જુઠાભાઇ બેરીસ્ટર એટલૉએ રજુ કરતાં તેની પુષ્ટિમાં હીંદુ યુનિવર્સિટીના બંધારણ સંબંધે વિસ્તારથી વિવેચન કર્યું હતું અને તેની પુષ્ટિમાં બાબુ રાજકુમારસિંહજીએ જૈન તત્ત્વના શિક્ષણને દાખલ કરવા તેમજ જૈન વિદ્યાર્થીઓ માટે ખાસ અલાએદી રહેવા, ખાવા અને સેવા-પૂજાની સગવડ કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યુનિવર્સિટીએ કરેલ ઠરાવ અને તે માટે ફંડની જરૂરીયત સમજાવી અસરકારક શબ્દોમાં વિવેચન કર્યું હતું.

## યુનિવર્સિટી માટે મદદનો વરસાદ.

બાબુ રાજકુમારસિંહજીની દલીલથી યુનિવર્સિટીમાં જૈન શિક્ષણ અને જૈન રેસ્ટોરા કરાવવાને શેઠ હીરજી ખેતશીએ ઉભા થઈ પોતાના પીતાશ્રી ( પ્રમુખશ્રી ) તરફથી રૂા. દશહજારની મદદ આપવાને જાહેર કર્યું હતું અને તુર્ત નીચે મુજબ રકમો તે કામ માટે જુદા જુદા ગૃહસ્થો તરફથી બક્ષીસ કરવામાં આવી હતી.

૧૦૦૦૦ શેઠ ખેતશી ખીઅશી જે. પી. પ્રમુખ, ૫૦૦૧ રાજા વિજયસિંહજી બહાદુર, ૪૦૦૧ બાબુ કુમારસિંહજી સાહેબ, ૨૫૦૧ શેઠ રામચંદ જેઠાભાઇ સ્વાગત ક૦ પ્રમુખ, ૨૫૦૧ સૌ. બાઇ વીરબાઇ તે શેઠ ખેતશી ખીઅશીનાં ધર્મપત્નિ, ૩૧૦૦ સુખરાજરાય, ૧૦૦૧ શેઠ આણંદજી પરશોતમ, ૧૦૦૧ શેઠ જમનાદાસ મોરારજી, ૧૦૦૧ શેઠ મોતીલાલ મુળજી, ૧૦૦૧ શેઠ સુમેરમલજી સુરાણા, ૧૦૦૧ શેઠ માણેકજી જેઠાભાઇ, ૧૦૦૧ શેઠ સુગનચંદજી રૂપચંદજી, ૧૦૦૧ શેઠ નાગજી ગણપત, ૧૦૦૧ શેઠ વેલજી શીવજી, ૧૦૦૧ શેઠ દેવકરણ મુળજી, ૧૦૦૧ શેઠ પ્રેમચંદ રતનજી, ૧૦૦૧ શેઠ રતનજી જીવણચંદ.

આ ઉપરાંત રૂા. ૭૫૧ રૂા. ૫૦૧ રૂા. ૨૫૧ તથા રૂા. ૧૦૦ અને તેથી ઓછી છુટક મદદો મળી તેજ વખતે રૂા. ૬૯૦૦૦ હજારનું ફંડ ભરાઇ ગયું હતું અને વખત બચાવવા ખાતર વધારે રકમો નોંધવાને મુલ્તવી રાખવા પછી કામ આગળ ચાલુ રાખવામાં આવ્યું હતું.

## મોહનલાલ કે. ગાંધીનું ભાષણ.

ત્યારબાદ શ્રીયુત્ મોહનલાલ કરમચંદ ગાંધીએ પોતાનું ભાષણ કરતાં જણાવ્યું કે જૈન ભાઇઓ અહીંસા તત્ત્વમાં આગેવાન છે તેમ દાવો કરે છે અને તે દલીલને હું પણ સ્વીકારૂં છું. પરંતુ તે વાતમાં મારે કહેવું જોઇએ કે માંહોમાંહેનો મતભેદ તે પણ હીંસા છે. આપ શ્વેતાંબર અને દીગંબર બે મુખ્ય કોમ છો તેઓ માંહોમાંહે મતભેદથી લડો તો તમે હીંસા કરો છો તેમ મારે કહેવું જોઈએ. તમારા માટે દુશ્મન તરફ પણ ક્ષમા રાખવાને મહાન ફરમાન જગતવંદનિય છે. તો પછી તમો ભાઈઓ માંહોમાંહે ક્ષમા ન દાખવી શકો તે ઉચિત નથી. કહેવાની એક વાત અને કરવાની બીજી વાત રાખવી તે ઠીક નથી, માટે તમારા દયાના સિદ્ધાંતમાં આગેવાની પૂરવાર કરવાને બંનેએ પ્રતિજ્ઞા કરવી જોઇએ કે અમારા વચ્ચે આજથી વૈર-વિરોધ જોઈતું નથી.

## ઠરાવ પાંચમો—ધાર્મિક શિક્ષણ.

ઉપરનો ઠરાવ શેઠ અમરચંદ ઘેલાભાઇએ રજુ કર્યો હતો અને તેની પુષ્ટિમાં પંડીત હંસરાજજી તથા રા. રા. હીરાચંદ લીધાધર ઝવેરીએ વિવેચન કર્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઠરાવ છઠ્ઠો—પ્રાકૃત ભાષાનો ઉદ્ધાર.

ઉપરનો ઠરાવ પંડીત હરગોવનદાસે રજુ કર્યો હતો અને તેની પુષ્ટિમાં તેમના ઉપરાંત રા. મનસુખલાલ રવજીભાઇ તથા પંડીત વૃજલાલજીએ વિવેચન કર્યું હતું.

## ઠરાવ સાતમો—જૈન સાહિત્યનો પ્રચાર.

ઉપરનો ઠરાવ શેઠ કુંવરજી આણંદજીએ રજુ કર્યો હતો, જ્યારે તેની પુષ્ટીમાં તેમના ઉપરાંત શેઠ લખમીચંદજી ધીયા, બાબુ અચલસીંહજી તથા શેઠ વીરજી ગંગાજરે વીવેચન કર્યું હતું.

## ઠરાવ આઠમો— શીલાલેખનો ઉદ્ધાર.

નીચેના ગૃહસ્થોની એક કમીટી નીમી હતી.

रा० रा० दोलतचन्द पुरुषोत्तम बरोडीया. बी० ए० ।

" सि० डी दलाल. एम० ए० । "

रा० रा० केशवलाल प्रेमचन्द मोदी. बी० ए० एल० एल० बी०

रा० रा० मोहनलाल दलीचन्द देसाई. बी० ए० एल एल० बी० वकील।

बाबू उमरावसिंह टांक बी० ए० एल० एल० बी० वकील चीफ कोर्ट ।

शेठ डाह्याभाइ प्रेमचन्द मोदी ।

बाबू साहब पूरणचन्दजी नाहर. एम० ए० बी० एल० ।

इस कार्य्यमें प्रत्येक जैनिओंकी सहायता देनी चाहिये जहां जहां भण्डार और शिलालेख हों उनकी यादी दिलानी चाहिये, नोंध लेनेवाले पुरुषकी रुकावट नहीं करनेके लिये यह कान्फरन्स आग्रह करती है ।

આ ઠરાવ પ્રમુખ તરફથી રજુ કરી સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

## ઠરાવ નવમો—સ્ત્રી શિક્ષણ.

ઉપરનો ઠરાવ રાજા વિજયસિંહજી બહાદુરે રજુ કર્યો હતો, અને તેની પુષ્ટીમાં માસ્તર વિરજી રાજપાળે વિવેચન કરવા પછી સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

## લોકમાન્ય મી. તીલકનું ભાષણ.

શ્રી કેળવણીની પુષ્ટીમાં લોકમાન્ય મી. તીલકે ભાષણ કરતાં જૈનીઝમ અને દેશની સાથેનો સંબંધ બહુ અગત્યનો દર્શાવ્યો હતો,

## ઠરાવ દશમો સહધર્મીઓને સ્હાય.

## ઠરાવ અગિયારમો ઐક્ય.

ઉપરના બંને ઠરાવો પ્રમુખ તરફથી રજુ કરવા પછી તે સર્વાનુમતે પસાર થયા હતા. ત્યારબાદ બાકીનું કામ ત્રીજા દિવસ ઉપર મુલ્તવી રાખી સભા બરખાસ્ત થઇ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ત્રીજો દિવસ. તા. ૧-૧-૧૯૧૮.

## પંડીત માન્યવર મદનમોહન માલવીયાનું ભાષણ.

આજે પણ બપોરના વખતસર પ્રમુખ પધારતાં કોન્ફરન્સનું કામ શરૂ થયું હતું. આ પ્રસંગે અગાઉ જેટલાજ ઉત્સાહથી જૈન ભાઈઓ ઉપરાંત માન્યવર મદનમોહન માલવીયા પ્રોફેસર ભીમચંદ્ર ચેટરજી વીગેરે ગૃહસ્થોએ હાજરી આપી હતી.

પ્રથમ વાજીંત્ર સાથે સંગીતમાં મંગળાચરણ થવા પછી કોન્ફરન્સનું કામ શરૂ થયું હતું.

આજે કોન્ફરન્સે જે ઠરાવો પસાર કર્યા તે આ નીચે આપવામાં આવ્યા છે.

પંડીત મદનમોહન માળવીયાએ વ્યાપાર ઉદ્યોગની કેળવણીની પુષ્ટીમાં બહુ વિસ્તારથી વિવેચન કર્યું હતું.

### ઠરાવ બારમો—જૈન પર્વ.

महावीर जयंति ( चैत्र शुक्र १३ ) और भाद्र शुक्र चतुर्थी और पञ्चमी जिसको अपने सम्वत्सरी कहते है उसका सारे हिंदमें पब्लिक गेझेटेड हॉलिडे नियत करना चाहिये। इसकी नकल स्थानिक गवर्णमेण्ट और इण्डियाको भेजी जाय।

આ ઠરાવ પ્રમુખ તરફથી રજુ કરવામાં આવ્યો હતો. અને તે પસાર થતાં યોગ્ય સ્થળે માગણી કરવા પ્રમુખને સત્તા આપવામાં આવી હતી.

### ઠરાવ તેરમો—શ્રી જૈનશ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ.

આ ઠરાવ મી. મોહનલાલ દલીચંદ દેશાઇએ રજુ કર્યો હતો અને તેની પુષ્ટિમાં બાબુ મહારાજ સિંહ બહાદુર તથા અમૃતલાલ માવજી બોલવા પછી તે પસાર થયો હતો.

### ઠરાવ ચૌદમો—જૈનોની સંખ્યામાં વૃદ્ધિ કરવાની જરૂરીઆત.

આ ઠરાવ શેઠ લલ્લુભાઇ કરમચન્દ તરફથી રજુ કરવામાં આવ્યો હતો અને તેની પુષ્ટીમાં મી. નાગજીભાઈ ગણપત તથા નાનચંદ પુનમચંદ નાણાવટીએ વીવેચન કરવા પછી તે પસાર થયો હતો.

### ઠરાવ પંદરમો—સામાન્ય અને વ્યાપારી શીક્ષણ.

આ ઠરાવ રા. રા. હીરાચંદ લીલાધર ઝવેરીએ રજુ કરવા પછી બાબુ દયાલચંદજી જોહરી તથા રા. જીવરાજ દેવજી મેતાએ વધુ વિવેચન કરવા પછી ઠરાવ પસાર થયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઠરાવ સોળમો-શ્રી સુકૃત ભંડાર ફંડ.

यह कान्फ्रेन्स दृढता और आग्रहके साथ अपील करती है कि प्रत्येक वर्ष हरएक श्रावक और श्राविकाओं को कमसे कम चार आने श्री सुकृत भण्डारमें देना चाहिये क्योंकि इस फंडके ऊपर कोन्फरन्सके आरम्भ किये हुए कार्य निर्भर है.

આ ઠરાવ શેઠ લાલભાઇ કલ્યાણભાઈ વડોદરાવાળાએ રજુ કરવા પછી રા. રા. મૂલચન્દ આશારામ વેરાટીએ અનુમોદન આપવા પછી ઠરાવ પસાર કર્યો હતો.

ઠરાવ સતરમો-જીવદયા.

" अहिंसा परमोधर्म्मः यतोधर्म्म स्ततो जयः "

अपने लोगोंका यही सर्वोपयोगी प्रथम सिद्धांत है, इसलिये यह कान्फ्रेन्स आजके इस अधिवेशनमें समस्त समुपस्थित दयालु सज्जनोसे इसी सिद्धान्तको अधिक मजबूतीसे यथेष्टरुपमें फैलानेकी आन्तरिक प्रार्थना करती है.

इस कार्यके सम्बन्धमें बम्बइका श्री जीवदया ज्ञानप्रसारक फंड, धुलियाकी श्री प्राणी रक्षक संस्था और अन्य मंडलो जो कार्य कर रहा है उसको यह कान्फरन्स धन्यवाद देती है ।

इस प्रस्तावकी नकलें जूदे जूदे शहेरोंकी म्युनिसिपालीटीका चेयरमेन और बंगालका श्रीमान गवर्नर साहेब और दुसरे प्रांतोंका उपरी अधिकारियोंको भेज दी जाय ।

આ ઠરાવ રા. રા. હાથીભાઇ કલ્યાણજીએ રજુ કરતાં મનુષ્ય દયા અને હૃદય ઐક્યની દયા તરફ વધારે ભાર મુકયો હતો, ત્યારબાદ મી. બી. એન. મૈશરીએ તથા મી. શામજી લાડણે વધુ વિવેચન કરવા પછી ઠરાવ પસાર કરતાં તેમાં શ્રી મુંબઇનું જીવદયા જ્ઞાનપ્રસારક મંડળ જીવદયા માટે જે શ્રમ લે છે, તે માટે ધન્યવાદ આપવાનું જાહેર કરવામાં આવ્યું હતું.

ઠરાવ ૧૮ મો, हानिकारक रिवाज.

अपनी जातिमें आजकल हानिकारक रिवाजें जैसे कन्याविक्रय बालविवाह, वृद्धविवाह, वेश्यानाच, मृत्यु पीछे अधिक शोक करना, मिथ्यापर्वोंका मानना, एक स्त्रीकी मौजूदगीमें दुसरी शादी करना, आतशबाजी छोडना आदि जो कुरीतियां प्रचलित है उन शबको सर्वथा छाडनेके लिये यह कोन्फरन्स उपदेश करती है ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उस सम्बन्धीका रिपोर्ट कान्फरन्स आफिस को भेजा जाय एसी उनलोगोंसे निवेदन करती है।

### ઠરાવ ૧૯ મો શ્રી ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

हरएक धार्मिक खातोंका हिसाब साफ और अच्छी व्यवस्थामें रहनेसे आमदनीकी वृद्धि हो जाती है इस लिये हिसाब तैयार करना और उसकी रिपोर्ट प्रति वर्ष प्रगट करनेको यह कान्फेन्स आवश्यकता समझती है। और कान्फ्रेन्सकी तरफसे नियत हुए हिसाब परीक्षकोंको बतलानेके लिये कार्यवाहकोंसे खास आग्रह करती है। इस काममें मदद पहुंचानेके लिए हरएक साधर्मी भाइयोंका ध्यान खींचती है। जिस तरह हो यह ठहराव सर्वत्र अमलमें आवे और धर्मादा द्रव्यकी रक्षा और इस उद्देश्यकी सफलता होनेके वास्ते जहां श्री संघक नामसे जो धार्मिक संस्था है उन सबोंका हिसाब प्रकाश करनेके लिये यह कान्फेन्स वो संघके कार्यवाहकोंसे हिसाब प्रकट करनेका आग्रह करती है। जिस धार्मिक खातोंके कार्यवाहकोने इस तरह हिसाब बतलाया है और प्रकट किया है उनको यह कान्फेन्स धन्यवाद देती है।

### ઠરાવ ૨૦ મો. જીર્ણ મન્દિરોદ્ધાર.

पूना कान्फ्रेन्समें तीर्थरक्षक कमीटीके मुकरर करनेके लिये ठहराव कीया था जिसका यह कोन्फरन्स स्वीकार करती है और कार्य शीघ्रतासे करनेके लीये आग्रह करती है.

આ ઠરાવનો અમલ થવા મુખ્ય શહેરોના આગેવાનોની કમિટિ નીમવામાં આવી હતી.

### ઠરાવ ૨૧ મો—કોન્ફરન્સ બંધારણ.

दसवीं कोन्फरन्समें जो बंधारणका ठहराव हुआ था वही कायम रक्खा जाय और जो दुसरा कालम " कार्य विस्तार " का है उनमें निम्न लिखित द्वारा बढा दिया जावे। जातिके सङ्घके महाजनोंके और पञ्चके तकरारीं और विवादग्रस्त प्रश्नोंमें यह कोन्फरन्स कोइ हाथ नहीं धरेगी।

स्टेण्डींग कमीटीके मेम्बरोंको सुकृतभंडार फंड अवश्य देना चाहिए.

ઉપરના છેલ્લા ચાર ઠરાવો પ્રમુખ તરફથી રજુ કરી પસાર થયા હતા.

### મી૦ માલવીયાનું ભાષણ.

પંડીત મદનમોહન માલવીયાએ વ્યાપાર ઉદ્યોગની કેળવણીના ઠરાવ પ્રસંગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજના દરેક વિષયો ઉપર વિસ્તારથી સ્પષ્ટીકરણ કરી શ્રોતાના હૃદયને આકર્ષી લીધાં હતાં. અને તેની અસરથી બનારસ યુનિવર્સિટી માટે જે લોકલાગણી ગઈ કાલે ફેલાયેલ હતી, તેમાં ઉમેરો થતાં તે ફંડ વધીને એક લાખ રૂપિયાનું થઇ ગયું હતું અને તેની વ્યવસ્થાં માટે કોન્ફરન્સના ચાર જનરલ સેક્રેટરી ઉપરાંત બનારસ અને કલકત્તા તથા બીજા આગેવાન વગવાળા શ્રીમાનોની એક કમીટી મુકરર કરવામાં આવી હતી.

આ વધેલા ફંડમાં મોટી રકમો નીચેની પણ જાહેર થઈ હતી.

૧૦૦૦૦ હઠીસંગજી ન્યાલચંદજી બહાદુર.

૨૫૦૦ શેઠ ખેતશી ખીઅશી પ્રથમના રૂા. ૧૨૫૦૦ ઉપરાંત.

ત્યારબાદ ચાલુ કામ નિયમીત કરવા માટે સ્ટેન્ડીંગ કમીટી નીમવામાં આવી હતી જેમાં મુંબઈ માટે શેઠ હીરજી ખેતશી, ગુજરાત માટે લાલભાઇ કલ્યાણભાઇ, બંગાળા માટે મહારાજા બહાદુરસીંહજી સીંધી નવા નામો ચુંટાયાં હતાં.

ત્યાર બાદ પ્રમુખ તરફથી વાલંટીયર સ્ટાફને ઈનામપદક વહેંચવા પછી કલકત્તાનો સંઘ–સ્વાગત કમિટિ–વોલંટીઅર્સ–ડેલીગેસ્ટ, રીટાયર થયેલા શેઠ કલ્યાણચંદભાઈ વગેરે અધિકારીનો તથા રીપોર્ટ માટે રોકાએલ વર્ત્તમાન પત્રો વગેરેનો પરસ્પર ઉપકાર માનવામાં આવ્યો હતો અને છેવટે રાજા વિજયસિંહજી બહાદુર દુધેરીયાએ પ્રમુખ સાહેબનો ઉપકાર માનતાં તેમની લાગણી માટે ધન્યવાદ આપી જીંદગીભર સમાજસેવા માટે જોડાવા વિનંતી કરી હતી.

છેવટે પ્રમુખ સાહેબે સર્વનો ઉપકાર માનતાં પોતાના હૃદયના સંપ માટેના માટેના ઉદ્ગારો કાઢ્યા હતા અને છેવટે સર્વનો ઉપકાર માની ફૂલહાર લઇ સંમેલન વિસર્જન થયું હતું.

## નમ્ર સૂચના.

આપણી કોન્ફરન્સે આ વખતે એકંદર એકવીશ ઠરાવો પ્રસાર કર્યા છે અને તે પ્રસાર કરવાનું કાર્ય જેવું ઉત્સાહ પૂર્વક કરવામાં આવ્યું છે, તેવું .તેમનું પાલન પણ હવે ઉત્સાહ પૂર્વક કરવાનું છે. આપણે જેવી રીતે વાગ્બળ ધારણ કરીએ છીએ, તેવી રીતે હવે ઉત્સાહથી ક્રિયાબળ પણ ધારણ કરવું જોઇએ. ક્રિયાબળ વગર કેવળ વાગ્બળ નિષ્ફળ ગણાય છે. આપણી કોન્ફરન્સદેવીના ઉદરમાંથી એકવીશ ઠરાવરૂપી મહાન્ તેજસ્વી અને પરાક્રમી દેવકુમારો પ્રગટ થયા છે, તે મહાદેવીએ પ્રગટ કરી અર્પેલા તે દેવકુમારોને પાળીપોષીને સારી રીતે ઉછેરવા એ આપણી સમાજનું ખરૂં કર્ત્તવ્ય છે. તે બધા દેવકુમારોમાં ધાર્મિક એજ્યુકેશન અને સામાન્ય અને વ્યાપારી શિક્ષણ એ બે દેવકુમારો વિશેષ રક્ષણીય છે, કારણ કે ઉભયની ઉત્સાહ પૂર્વક સંભાળ લેવાથી અન્ય બધા દેવકુમારોનું સ્વતઃ સંરક્ષણ થઈ શકશે; એમ અમે માનીએ છીએ.

આપણે જાણવું જોઇએ કે જે સમાજ કે જ્ઞાતિમાં આપણે જન્મ્યા છીએ, તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાજનું ભલું કરવામાં સ્વાર્થનો ભોગ આપવો એજ આપણો ધર્મ છે. આપણાં સમાજ ઉપર પણ આપણે શ્રદ્ધા રાખવી જોઇએ. આપણો સમાજ ઘણાં સૂક્ષ્મ, હિતકર અને સર્વદેશી ધોરણો ઉપર રચાએલો છે. માત્ર તેની અંદર દેશકાલાનુસાર સુધારણા કરવાની આવશ્યકતા છે એ સુધારણાની પવિત્ર ક્રિયા કરવાને માટેજ આ કોન્ફરન્સ દેવીના મનોહર મંડપો નંખાવા લાગ્યા છે, એ આપણું ઉજવળ ભવિષ્ય સૂચવે છે.

હવે આપણે એકતાની શ્રૃંખળાને મજબૂત કરી દઢ બંધનમાં આવવું જોઇએ અને ધર્મથી, જાતિથી કે સંસારની અમુક પદ્ધતીઓથી એકમતતા થવું જોઈએ. આપણા સમાજના સર્વ અગ્રણી શ્રીમંતો અને વિદ્વાનોનું ઐકયમત્ય કરી આ વિજયવતી કોન્ફરન્સની પ્રતિષ્ટા ભારત વર્ષમાં વૃદ્ધિ પામે અને હવે પછી ફાટફુટ થવાનો કોઇ પણ પ્રસંગ ન આવે એ વાત લક્ષ્યમાં રાખી આપણા અધિવેશનનો અગ્નિરથ વેગથી આગળ ચલાવવાને માટે આપણે તન, મન અને ધનથી ઉત્સાહ પૂર્વક પ્રવર્ત્તવું જોઇએ. અમો અંતઃકરણ પૂર્વક ઇચ્છીએ છીએ કે, આપણી કોન્ફરન્સ આગામી અધિવેશનમાં આથી પણ વિશેષ ફતેહમંદ થાય અને શ્રી વીરશાસનના પ્રભાવિક દેવતાઓ તેને વિશેષ ઉત્સાહિત, અંતરાય રહિત અને તીવ્ર તેજોમયી બનાવે. "તથાસ્તુ"

# વર્ત્તમાન સમાચાર.

## શ્રીમાન્ મૂળચંદ્રજી મહારાજના શિષ્ય આચાર્ય શ્રી વિજયકમળસૂરિજીનું ભાવનગરમાં આવાગમન અને શ્રીમાન્ મૂળચંદ્રજી મહારાજની જયંતિ.

ગયા માગશર માસની વદી ૩ ને સોમવારના રોજ અનેક સ્થળે વિહાર કરી ધર્મોપદેશ આપી આ શહેરમાં આચાર્ય મહારાજ શ્રી વિજયકમળસૂરિ (શ્રી મુળચંદજી મહારાજના શિષ્ય) પધાર્યા છે, તે દિવસે શ્રી સંઘ તરફથી સામૈયું કરવામાં આવ્યું હતું. ચતુર્વિધ સંઘ સારી સંખ્યામાં હાજર હતો. દાદાસાહેબથી શહેરના મોટા રસ્તામાં ફરી મોટા દેરાસર પાસે થઇ શ્રી સંઘના મારવાડીના વંડાના નામથી ઓળખાતા ઉપાશ્રયમાં સામૈયું આવ્યું હતું. જયાં ઉક્ત મહાત્મા પોતાના શિષ્યો સહિત બીરાજમાન થયા હતા અને મંગળીક સંભળાવ્યા બાદ સર્વ વિસર્જન થયા હતા.

### જયંતિ મહોત્સવ.

—માગશર વદ ૬ના રોજ પરમઉપકારી મહાત્મા **શ્રીમાન્ મુકિતવિજયજી ગણી**(મુળચંદજી મહારાજ)ની સ્વર્ગવાસ તિથિ હોવાથી જયંતિ ઉજવવા નિમિત્તે એક મેળાવડો અત્રે મારવાડીના વંડામાં નવ વાગે શ્રી સંઘના ઉપાશ્રયના મકાનમાં આચાર્ય મહારાજ **શ્રી વિજયકમળસૂરિના**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો. પ્રથમ આમંત્રણપત્રિકા વંચાયા બાદ પ્રમુખ સાહેબે મંગળાચરણ સાથે ટુંક જીવનચરિત્ર કહ્યું હતું. ત્યારબાદ તેઓશ્રીના શિષ્ય પન્યાસજી **શ્રી લાભવિજયજી** મહારાજે તે સંબંધમાં કેટલીક હકીકત વિસ્તારથી કહી હતી. ત્યારબાદ **ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે** જયંતિ એટલે શું? તે શા માટે કરવી જોઇએ, પ્રાચીન–અર્વાચીન તે ચાલતો આવતો ક્રમ, દરેક ધર્મના મહાત્માની ઉજવાતી જુદા જુદા પ્રકારે જયંતિ એ વિષે વિસ્તારથી જણાવ્યા બાદ શ્રીમાન્ મુલચંદજી મહારાજના જીવનચરિત્રમાંથી અમુક હકીકત લઈ તેમની ચારિત્રની દઢતા, જ્ઞાનબળ, યોગબળ, ક્રિયાપાત્રતા સંઘના નાયક તરીકે ઉક્ત મહાત્માની શક્તિ વિગેરેનું વર્ણન ઘણી અસરકારક રીતે કર્યું હતું. છેવટે ઉક્ત મહાત્મા શ્રીમાન્ વૃદ્ધિચંદ્રજી મહારાજ અને શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી મહારાજ ) ના આ દેશની જૈન પ્રજા ઉપરના અનેક ઉપકારોનું વર્ણન કરી તે ત્રણે મહાત્માની જયંતિ આ શહેરમાં દરેક વર્ષે ઉજવવા માટેની નમ્ર વિનંતિ શ્રી સંઘને કરી બેસી જવાની રજા લીધી હતી. ત્યારબાદ **શ્રીમાન્ ગુલાબવિજયજી મહારાજે** મંગળિક સંભળાવ્યું ત્યારબાદ મેળાવડો વિસર્જન થયો હતો, ત્યારબાદ **શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર** તરફથી બપોરના બે વાગે શ્રી વલ્લભવિજયજી મહારાજ કૃત શ્રી પંચપરમેષ્ઠીની પૂજા દાદાસાહેબના દેવાલયમાં ભણાવવામાં આવી હતી, સાથે દરેક દેરાસરોમાં આંગી અને સાંઝના પાંચ વાગે સ્વામીવાત્સલ્ય પણ થયું હતું.

## મુનિ વિહારથી થતા લાભો.

—ડાંગરવા પાસે આવેલા નાનચંદ રાયચંદના જીનમાં મુનિ મહારાજ શ્રી માનવિજયજી, શ્રી વિવેકવિજયજી, શ્રી કીર્તિવિજયજી, શ્રી લલિતવિજયજી, શ્રી સંતોષવિજયજી, શ્રી નાયકવિજયજી, શ્રી કીર્તિવિજયજી, શ્રી પ્રભાવવિજયજી આદિ ઠાણા ૧૦) બીરાજે છે. તેમના બીરાજવાથી ત્યાં રહેલા અમદાવાદના સદ્‌ગૃહસ્થો ધર્મ કરણીમાં સારો લાભ લે છે તેમજ એક સદ્‌ગૃહસ્થે મહાવીર જૈન વિદ્યાલય તરફથી છપાતા જૈન પ્રકરણ ગ્રંથો પૈકી એક ગ્રંથ છપાવવા વાસ્તે રૂા. ૫૦૦) ની મદદ આપવા કબુલ કર્યું છે, બીજાં ધર્મ ખાતાઓમાં પણ મદદ સારી મળી છે. ત્યાંથી વિહાર કરી ઉક્ત મુનિરાજો કટાદરામાં પધાર્યા હતા. ત્યાં પણ ધર્મ કાર્યો સારા થયા હતા. એક ગૃહસ્થ તરફથી શ્રી મહાવીર વિદ્યાલયને રૂા. ૫૦૦) ની મદદ ઉક્ત મુનિરાજોના ઉપદેશ વડે મળેલી છે અને તે સાથે ઘણા વખતથી આ ગામમાં કુસંપ ચાલતો હતો તે દૂર થતાં ત્યાંના સંઘમાં ઐક્યતા થઇ છે.

# ગ્રંથાવલોકન.

નીચેના ગ્રંથો અમોને ભેટ મળેલા છે જે ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે.

૧ **પરિક્ષા પરિણામ.** (સ્થાનકવાસી જૈન મુનિના આઠ પ્રશ્નોનો ઉત્તર (ગાંધી અભેચંદ ભગવાનદાસ તરફથી.

૨ **શ્રી નાભકરાજ ચરિત્ર** ( ભાષાંતર ) આ ગ્રંથના મૂળ કર્ત્તા શ્રીમાન મેરૂતુંગાચાર્ય છે. દેવ દ્રવ્ય વિનાશ કરવાથી કેવા ઘોર દુઃખો ભોગવવા પડે છે તેનું વર્ણન આ ચરિત્રમાં છે તેમજ સાથે ન્યાય સંપન્ન વૈભવ, કર્મની સિદ્ધિ, જીવ હિંસાથી ઉપજતા કઠોર પરિણામો અને સત્સંગતિથી થતા લાભો વગેરે હકીકતો પણ આ ગ્રંથમાં છુટી છુટી આપવામાં આવતા તે ઉપયોગી થયેલ છે પ્રકાશક પુરૂશોતમદાસ જયમલદાસ મહેતા સુરત–નાણાવટ પંડોળીપોળ કીંમત પાંચ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૩ પર્યુષણ પર્વ નિર્ણય** શેઠ લક્ષ્મીચંદ અમીચંદજી પોરવાડ બેંગલોર.

**૪ શ્રી શ્રાવકનું કર્તવ્ય તથા વિવિધ સ્તવનાદિ સમુચ્ચય ગ્રંથ.** પ્રકાશક શ્રાવક ભિમસિંહ માણેક મુંબઇ. જુનામાં જુનાં જૈન પુસ્તકો પ્રસિદ્ધ કરનાર, જૈન સાહિત્ય બહાર પાડવાની પહેલ કરનાર શ્રાવક ભિમસિંહ માણેકનું નામ જૈન સમાજમાં મશહુર છે. તેઓના તરફથી અનેક ગ્રંથો, ઉપયોગી ગ્રંથો અત્યાર સુધીમાં ઘણે ભાગે શુદ્ધ અને સરલ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે જેમાં આ ગ્રથે એક વધુ ગ્રંથની વૃદ્ધિ કરી છે. આ ગ્રંથમાં પ્રથમ ખંડમાં પ્રાતઃ સ્મરણીય છંદો સ્તવનો, બીજામાં દેરાસરે જવાનો વિધિ તથા ચૈત્ય વંદન વિધિ, ત્રીજામાં ચૈત્ય વંદન, સ્તવનો થોયો, ચોથામાં ચોવીશી સ્તવન તથા ચૈત્યવંદન પાંચમામાં પ્રકિર્ણ તીર્થ વગેરેના સ્તવનો, છઠ્ઠામાં ઉપદેશી પદો, સાતમામાં સજઝાયો આઠમામાં લાવણી વગેરે પ્રભુસ્તવનો નાટકના રાગના અને દસમામાં નવસ્મરણાદિ વગેરે વિષયો આપવામાં આવ્યા છે. આ દશ પ્રકરણમાં જે જે આપવામાં આવેલ છે, તે પ્રચલિત તેમજ કેટલાક નવા પરંતુ તમામ પુર્વાચાર્યો કૃત હોઇને દરેકને નિત્ય ક્રિયા માટે ખાસ ઉપયોગી છે; વળી ઘણામાંથી ચુંટણી કરેલી હોવાથી એક ગ્રંથરૂપે કરેલ પ્રસીદ્ધિ આવકારદાયક છે. પ્રસ્તાવનામાં દેવ દર્શન મહિમા, તેમજ પ્રતિમા પૂજનનું નિરૂપણ અને ચૈત્ય વંદન વિધિ આપી તેની સુંદરતામાં વધારો કરેલો છે. સુંદર શાસ્ત્રી ટાઇપમાં સારા કાગળ ઉપર છપાવી સુંદર બાંઇડીંગ અલંકૃત કરેલ છે જેથી તે જૈનો માટે અવશ્ય ખરીદવા લાયક છે. અને ઉપયોગી છે. અમો પ્રકાશકને આવા ગ્રંથો પ્રસિદ્ધ કરવા માટે ધન્યવાદ આપીએ છીયે. કિંમત જણાવેલ નથી. મુંબઇ માંડવી શાક ગલી પ્રકાશક પાસેથી મળશે

**૫ પિતાનો પુત્ર પ્રતિ ઉપદેશ. ( પિતાએ પોતાના પુત્રને લખેલા સંપૂર્ણ સાર પૂર્ણ પત્રોનો સંગ્રહ. )**

જૈન ધર્મના અનેક ગ્રંથો પ્રસિદ્ધ કરનાર શ્રાવક ભીમસીંહ માણેકના તરફથી આવો સામાજીક ( જનસમાજને ઉપયોગી ) એક લઘુ ગ્રંથ પ્રગટ થતો જાણી ખુશી થઇએ છીયે. જૈન ધર્મના ગ્રંથો સાથે થોડા વખતથી આવા સામાજીક ઉપયોગી નાના ગ્રંથો બહાર પાડવાને થતા આ પ્રયત્ન માટે પ્રકાશકને ધન્યવાદ ઘટે છે. આ ગ્રંથમાં ગ્વાલીયરની વ્યવસ્થાપક સભાના મંત્રી મૌલવી મહમદ કરીમબખ્સ ડેપ્યુટી કલેકટરે પોતાનો પુત્ર જે વખતે વિદ્યાભ્યાસ કરતો હતો તે અવસ્થામાં તેના ઉપર જે જે પત્રો લખ્યા છે જે કે ઉર્દુ ભાષમાં હતા અને તેના થયેલ હિંદિ ભાષાંતરને અનુસારે આ ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ પુસ્તકમાં રસપૂર્ણ જે પત્રો આપવામાં આવેલા છે, તે વિદ્યાર્થી જીવન માટે ( અભ્યાસીઓ માટે ) ખાસ ઉપયોગી છે. જેમાં નીતિ અને વ્યવહારનો માગ સંક્ષિપ્તમાં બતાવેલો હોઇને દરેક વિદ્યાર્થીઓને અવશ્ય વાંચવા લાયક છે. પિતાના પત્રો જે પુત્ર ઉપર લખવામાં આવેલ તે પત્રોએ તે પુત્રને કેળવણી લેવામાં બહુજ ફતેહમંદ બનાવેલ છે. જે આ પત્રો બહુજ ડહાપણ અને અનુભવથી સુશિક્ષિત મનુષ્યના હસ્ત લખાયેલ હોવાથી તેમ બને તે યોગ્ય છે. દરેક વિદ્યાર્થીને વાંચવાની ભલામણ કરીયે છીયે. આવા ગ્રંથો જેમ વિશેષ પ્રસિદ્ધીમાં આવે તે ઇચ્છવા યોગ્ય છે. ઉપરના સ્થળેથી મળી શકશે.

૬ ચંદપ્રભા માસીક વર્ષ ૧ લું અંક ૧ લો ( હીન્દી ) વાર્ષીક લવાજમ રૂ. રા.

સંપાદક—**ગણેશચંદ્ર શર્મા—સનાવદ ( નીમાર )**

**૭ જૈન ગદ્ય-પદ્ય સમુચ્ચય ભાગ ૧ લો.** પ્રકાશક પુરૂષોતમ જયમલદાસ મહેતા સુરત—નાણાવટ પંડોળી પોળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## હાલમાં પ્રસિદ્ધ થયેલા સંસ્કૃત અપૂર્વ ગ્રંથો.

હાલમાં નીચેના ગ્રંથો પ્રસિદ્ધ થયા છે. જેમાં નંબર ૧-૨ જેમાં કે પુરતી દ્રવ્યની સહાય મળેલ હોવાથી મુનિમહારાજાઓ તથા જ્ઞાનભંડારોને ભેટ આપવાના છે. તેમજ નંબર ૩-૪-૫-૬ આ ગ્રંથોમાં દ્રવ્યની અર્ધ સહાય મળવાથી મુનિમહારાજો તથા જ્ઞાનભંડારને માટે મંગાવનારને મુદ્દલ કિંમતથી અરધી કિંમતે આપવામાં આવશે. અને નં. ૭ આ ઐતિહાસિક ગ્રંથ હોવાથી અગાઉ માસિકમાં જણાવ્યા પ્રમાણે કિંમતેથી આપવામાં આવશે, પોસ્ટેજ જુદું. મુનિમહારાજાઓને નમ્ર વિનંતિ કે તેઓશ્રીના સમુદાયના વડિલ કે ગુરૂદ્વારા કોઇપણ શ્રાવકના નામે મંગાવવા કૃપા કરવી, જેથી ઉપર જણાવ્યા પ્રમાણે પોસ્ટેજના પૈસાના વી. પી. થી મોકલવામાં આવશે. જ્ઞાનભંડારના કાર્યવાહકોએ પ્રથમ મુજબ મંગાવવા તસ્દી લેવી. મુનિમહારાજાઓ તથા જ્ઞાનભંડારોને ભેટ આપવાના ગ્રંથો પૈકી વધારો રહેશે તો તે ગ્રંથો આ જ્ઞાનખાતું હોવાથી નીચેની કિંમતે વેચાણ આપવામાં આવશે.

અમારા માનવંતા લાઇફ મેમ્બરો માટે હવે પછી ભેટ આપવાની જાહેરખબર-સુચના પ્રગટ કરીશું જેથી તે પછી તેઓ સાહેબે ગ્રંથો મંગાવવા કૃપા કરવી અથવા અમોને લખી જણાવવું.

હાલમાં યુરોપમાં ચાલતી લડાઇને લીધે છાપવાના કાગળોની અતી મોંઘવારી અને છપાવવાનો પણ દર વધી ગયેલ છતાં પુસ્તકોની કિંમતમાં બીલકુલ વધારો કરેલ નથી, પરંતુ સાહિત્યનો ફેલાવો વધારે કેમ થાય તે ઉદ્દેશ ધ્યાનમાં રાખી કીંમત ઘણીજ ઓછી (મુદ્દલ) રાખવામાં આવેલ છે, જે ગ્રંથો જોવાથી માલુમ પડશે.

---

### ગ્રંથોનાં નામ.

| | |
|---|---|
| ૧ શ્રી મહાવીર ચરિત્ર ૦-૧૩-૦, | ૨ કુમારપાળ ચરિત્ર મહાકાવ્ય ૦-૮-૦ |
| ૩ સામાચારી પ્રકરણ ૦-૮ ૦, | ૪ સુકૃત સંકીર્તન મહાકાવ્ય ૦-૬-૦ |
| ૫ કૌમુદી મિત્રાનંદ નાટક ૦-૬-૦ | ૬ પ્રબુદ્ધ રોહિણેય નાટય ૦-૫-૦ |
| ૭ પ્રાચીન લેખ સંગહ (ઇતિહાસિક ગ્રંથ) ૦-૮-૦ | |

---

## प्राचीन जैन लेख संग्रह. (प्रथम भाग).

### जैन ऐतिहासिक साहित्य ग्रंथ.

(योजक मुनिराजश्री जिनविजयजी महाराज.)

आ अपूर्व ग्रंथ जैन ऐतिहासिक होइने जैनधर्मनी प्राचीनता उपर पुरेपुरो प्रकाश पाडे छे. आ भारत वर्षमां उडीसा प्रान्तमां कटक पासे भुवनेश्वर नामनुं एक प्रसिद्ध स्थान छे, के ज्यांथी चार पांच माइलथी दूर खंडगिरि-उदयगिरि नामना बे पहाडो छे जेना शिखरो उपर नानी मोटी गुफा छे, जेमां हाथीगुफानो प्रसिद्ध शिलालेख तेमज त्रण नाना लेख अने टीकाओ तथा टीप्पणी सहित आ पुस्तकमां प्रसिद्ध करवामां आवेल छे, आ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

हाथीगुफाना लेखे जैन धर्मना इतिहास उपर अपूर्व अजवाळुं पाडेलुं छे, इ. स. २०० वर्ष पहेलां कलिंग देशनो मेघवाहन-खारवेल नामनो बहु प्रतापी राजा थइ गयो छे, जेना वखतमां ते प्रान्तमां जैन धर्म प्रधान धर्म हतो. अने आ राजा पण जैनधर्मी हतो. आ पर्वत उपर आ राजानी राणीए जैन साधुओने रहेवा माटे गुफाओ बनावी हती. आ लेख प्राकृत भाषामां छे, अने तेनी लिपि अशोकना समयनी लिपि साथे मलती छे. आ लेखनी पर टीका-टीप्पणी प्रथम पंडित भगवानजी इंद्रजीए करेली जेनो अनुवाद अने साथे साक्षरवर्य पं. केशवलाल ध्रुवना लेख पण आ ग्रंथमां साथे आपी योजक महात्माए तेनी सुंदरतामां-स्वरुपमां वृद्धि करी छे. उंचा कागळ, सारा टाइप अने सुंदर बाइडींगथी अलंकृत करवामां आवेल छे. किंमत आठ आना ०-८-० पोस्टेज जुदुं. ( अमारे त्यांथी मळशे. )

## સુખડની નવકારવાળી.

નિત્ય સ્મરણીય નવકાર મંત્ર ગણવાની ઉંચી સુખડની નવકારવાળીઓ અમારે ત્યાંથી મળશે, જોવે તેમણે મંગાવવી કિંમત બે આના પોસ્ટેજ જુદું.

## મુનિમહારાજાઓના ફોટોગ્રાફસ.

પ્રાતઃસ્મરણીય ધર્મગુરૂના સવારમાં દર્શન કરવા માટે મુનિમહારાજોઓના ફોટોગ્રાફસ ( છબીઓ ) હાલમાં અમારે ત્યાં આવેલા છે. કેબીનેટ સાઇઝની કિંમત રૂ. ०-८-० ફુલ સાઇઝ ( મોટી સાઇઝ ) નો રૂ. ૧-૦-० પોસ્ટેજ જુદું.

## જૈન ધર્મનાં પુસ્તકો.

જુદી જુદી જૈન સંસ્થા અને પુસ્તકો પ્રકટ કરનારાઓના તરફથી પ્રસિદ્ધ થયેલા જૈનધર્મનાં તમામ ગ્રંથો અમારે ત્યાંથી વ્યાજબી ભાવે મળશે, નફો જ્ઞાનખાતામાં જાય છે, જોવે તેમણે મંગાવવાં.

લખો-શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

## આ માસમાં નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | |
| --- | --- |
| ૧ શેઠ ચંદુલાલ રતનચંદ રે० ભરૂચ. | પેલા વ० લાઇફ મેમ્બર. |
| ૨ શેઠ સુમેરમલજી સુરાના રે० કલકત્તા. | ” |
| ૩ માસ્તર રવચંદ માવજી રે० જામનગર ( હાલ માડાગાસ્કર ) | બીજા વ० લાઇફ મેમ્બર. |
| ૪ શેઠ ચુનીલાલ રાયચંદ રે० ભરૂચ. | ” |
| ૫ શેઠાણી ગંગાબાઇ ( તે શેઠ દલપતભાઇ ભગુભાઇની વીધવા ) જૈન કન્યાશાળા. અમદાવાદ | ” |
| ૬ સંઘવી મણીલાલ પોપટભાઇ રે० ભાવનગર. | પેલા વ० વાર્ષિક મેમ્બર. |

For Private And Personal Use Only